બુદ્ધિપ્રભા.

(The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम्
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૪ થું. તા. ૧૫ મી નવેમ્બર સન ૧૯૧૨ અંક ૮ મો.

पंखीने संबोधन.

મંદાક્રાન્તા.

પંખીડા તું સતત ઉડજે મોક્ષના માર્ગમાંહી,
પાંખો ત્હારી ગમન કરવા ખૂબ ફફડાવ યત્ને;
ઉંચો ઉંચો ગગન પથમાં નિત્ય ચાલી જજે તું,
પાછું વાળી નિરખ ન કદી દૃષ્ટિથી દેખ અગ્રે. ૧

પૂંઠે દુષ્ટો ગ્રહણ કરવા લાગ તાકે નિહાળી,
સંભાળીને વિચર પથમાં દુષ્ટનો દાવ ટાળી;
નીચો નીચો ઉતર ન કદી, ખૂબ ઉંચો ચઢી જા,
સાચા અંશુ પ્રભુ ગુણતણાં ભાશે શીર્ષ ઉર્ધ્વે. ૨

જોઇ આંખી અનુભવતણી પૂર્ણ વિશ્વાસ થાશે,
ઉંચા માર્ગે ગમન કરવા જામશે પ્રેમધારા.
લોભાતો ના વિષય સુખમાં સૌખ્ય સાચું જણાશે,
ઓ પ્રેમીડા ગમન કરવું ત્હારૂં છે સ્થાન ઉંચું. ૩

ત્હારા માટે સકલ રચના સૂત્ર સિદ્ધાન્તની છે,
દેખી તેને વિચર પથમાં ભક્તિને યોગથી તું;

આગે કેઇ ગગનપથમાં કેઇ પૂઠે વહે છે,
સાથે કેઇ ગગન પથમાં સાર્થ ચાલે પ્રયત્ને. ૪
ત્હારા માર્ગે સુખદુઃખ રહ્યું–ખૂબ વિઘ્નો રહ્યાં છે,
શૂરો થૈ તું વિચર પથમાં પૂર્ણ સિદ્ધિ થવાની;
મ્હારા વ્હાલા વિહગ વિચરો સત્ય શિક્ષા કહું છું,
સામગ્રી સૌ અહિં તુજ મળી ઉડ ઉંચો મઝાથી. ૫
આશારૂપી વિપથ તજીને પંથ સિદ્ધો ગ્રહી લે,
જ્ઞાની પંખી ! સમય સમજી ચેતી લે દક્ષતાથી;
પૂર્ણાનન્દી સહજ રૂપથી શુદ્ધ ચૈતન્યસ્વામી,
" બુદ્ધયબ્ધિ " તું અનુભવ ગ્રહી ચાલજે શુદ્ધ પન્થે. ૬

પાદરા. ૧૯૬૮ ફાગણ વદી ૧૧ સોમવાર.

ॐ शान्तिः

" चिन्तनीय. "

મંદાક્રાન્તા.

જેના ચિત્તે સુખદુઃખ સમું કીર્તિ આશા જરા ના,
જેના ચિત્તે સકલ સરખા શત્રુને મિત્ર વૃન્દો;
જેના ચિત્તે અતિશય દયા પ્રેમની શુદ્ધ ધારા,
તેવો ધીરો અમર જગમાં સન્ત સાચો ભલો તે.
જેઓ સાધે સુખમય પરબ્રહ્મની સાધનાઓ,
જેઓ સેવે સુખમય સદા વીરની વાણી હેતે;
સાચું બોલે દુઃખ બહુ સહી નીતિમાં ધીરવીરો;
તેવા સન્તો જનની જણશો ચિત્તમાં ભાવનાએ. ૨
દુઃખો વેઠી પરતણું ભલું નિત્ય જેઓ કરે છે,
આશાઓને પરિહરી સદા કાર્ય જે આદરે છે;
લાભાલાભે સમ રહિ સદા હર્ષને શોક ટાળે,
તેવા સન્તો જનની જણશો શુદ્ધ ધર્માર્થ ભક્તો. ૩
જેના બોધે સહુ સુખ લહે દુર્ગુણોને તજીને,
જેને દેખી જગગુણ લહે જ્ઞાનની દૃષ્ટિ પામે;
જેના હસ્તો ગરીબ જનને કલ્પવૃક્ષો સમા છે,

જેની કાયા વચન મનડું એક રૂપે રહેલું,
જેના સંગે ગુણજ ઉપજે દોષવૃન્દો ક્ષરે છે;
તેવા આર્યો જનની જણશો વિશ્વમાં દેવ જેવા,
તેનો સંગ પ્રતિદિન મળો મોક્ષનું દ્વાર તે છે. ૫
દુઃખો વેઠી પરસુખ કરે સામ્યથી વિચરે જે,
ઉત્સાહી થૈ ગમન કરતા મોક્ષના માર્ગમાંહી;
જૈનો આર્યો મહીતલ વિષે સર્વદા વૃદ્ધિ પામો,
બુદ્ધયબ્ધિની હૃદય રચના સૃષ્ટિ રૂપે બનો એ. ૬

સં. ૧૯૬૮ ફાગુણ વદી ૨. પાદરા.

વાસના.

બાહ્યેચ્છાઓ હૃદય ઉપજે જ્ઞાનથી શાન્ત થાતી
વારીયત્ને ટળી જઈ ફરી વાસના ચિત્ત જાગે;
વારી વેગે ઉદય થઇને વાસના દુઃખ આપે,
દાબેલી તે મનભૂમિ વિષે હેતુથી ઉદ્ભવે છે. ૧
કામેચ્છાની સકલ ઘટના બીજરૂપે રહે છે,
સામગ્રીનો સમય લહીને હૃદયે તે વહે છે;
શૂરા સન્તો બહુ બળથકી ખૂબ તેને હઠાવે,
દાબી દાબી બહુ ક્ષય કરે બીજને બાળી નાંખે. ૨
કામેચ્છાનાં સકલ બીજકો વેદ સંસ્કાર રૂપે,
તેમાં નક્કી પ્રકૃતિ મહિમા મૂળ છે સર્વનું તે;
છેદે તેને ઉદય ન રહે વેદ પુરૂષાદિ છેદો,
જ્ઞાને ધ્યાને ઉદય હઠશે મોહનું જોર ભાગે. ૩
રેરે પ્રાણી ધીરજ ત્યજ ના કામને દે હઠાવી,
જ્યારે ત્યારે સમજ સઘળું કાર્ય આ સાધવાનું;
ત્હારી શક્તિ બહુજ વધશે આવશે હાથ બાજી,
ધીમે ધીમે સકલ ટળશે ચિત્તની વાસનાઓ. ૪
પૂર્વે મોટા મુનિવર થયા માર્ગ આ સત્ય લીધો,
ચાલ્યો જા તું શિવપથવિષે પૂર્ણ શ્રદ્ધા ધરીને;
જ્ઞાનધ્યાને શિવપથ વળી પામવી સત્ય સિદ્ધિ,
બુદ્ધયબ્ધિની હૃદય સ્કુરણા પ્રેમથી ઉચ્ચ થાતી. ૫

સં. ૧૯૬૮ ફા. વા. ૬

मनमुसाफर.

(લેખક—જેશીંગભાઇ હીમચંદ મુ. કપડવણુજ.)

(મ્હેમાન થયા તમે મારા સ્વીકારશો મ્હેમાની). એ ટેક.

છે જીવન આશા છોટી, છે મન માયા મોટી,
જેમ પાણીની પરપોટી, છે રંગ ભંગની લોટી.
ગયા ધનવાન કોટી;
જંજાળ જગતની છોડી.
બહુ ગર્વમાં જે મ્હાલ્યા, પરભવમાંહિ તે ચાલ્યા. છે. ૧
રાવણ સરીખા રાણા;
બહુ ગર્વથી ખરડાણા.
અભિમાન ગયું મરડાઇ, રહ્યું નામ નિશાન ન કાંઇ. છે. ૨
સંસાર વિષનો પ્યાલો;
શું અંધ થઇ નિહાળો.
સ્વચ્છંદમાંહિ શું મ્હાલો, કેમ જીંદગી એળે ગાળો. છે. ૩
નિમિષવાર ન લાગે;
તેમ ઝટ જુવાની ભાગે.
શું રત્ન ચિંતામણિ ખુવો; અંતરમાં ઉંડુ જુવો. છે. ૪
અન્ત તો દેહ જવાનો;
કદી કાળે નહિ રહેવાનો.
ભજ અરિહંત જીનવર ત્રાતા, છે મોક્ષતણા જે દાતા. છે. ૫
ચેતો ચેતો નરનારી;
જપો વીર નામ દુઃખહારી.
મહાવીર સદા સુખકારી, **જયસિંહ જપે જયકારી.** છે. ૬

" Up ! my friend, and quit your books;
Or Surely you 'll grow double;
Up ! up ! my friend, and clear your books;
Why all this toil and trouble ? "

* * * *

" Sweet is the lore which nature brings. "

" ઝુલતાં વૃક્ષોથી અમર રસનાં બિંદુ ઝરશે,
વળી દૈવિ વાતો ચકલી મૃગલી ત્યાં કહી જશે;
કુમારી કન્યાએ કુદરત તને ત્યાં પરણશે,
અને બન્ને વચ્ચે રુચિર કિરણો કૈંક વહશે. "

* * * * *

જનોના આત્માનો, કુદરતથી સમ્બન્ધ કરતું;
મજા તેની તો લે, હૃદય કર વિસ્તીર્ણ કુમળું;
અને એ ઉર્મિમાં દ્રવી પડ ઝુકાવી જીગર તું."

*   *   *   *   *

" લુખી ઉદ્‌ભિદ વિદ્યા, સૂકી વળી ઔષધિ બધી,
જહી સુધી તેની કૃતિ જનસ્વભાવે નવ મળી;
અહિં આ ઉગેને, તરૂ વળી અહીં આ ન ઉગતું,
કવિતા વિના એ મુજ દિલ ગણે શુષ્ક સઘળું."

શું કરુ ?

બુલ બુલ ઉડયું ગુલઝારથી,
ગુલ ગુલ બધાં ધરણી ઢળ્યાં;
ગુલશન પડી મ્હારી સૂની,
એ ગુલશને જઇ શું કરૂં !
આંબે ન આવ્યો મ્હોર,
ટહુકી કોકિલા ન સ્હવારમાં;
અભ્રે રવિ ઉગતાંજ છાયો,
વસંતને હું શું કરૂં ?
વહાલાં તણાં હૈડાં ન ઉછળે,
પ્રેમ નવ નયને વસે,
પણ એકલા મુખથી હસે,
એ વહાલ લઇ હું શું કરૂં ?
દીલમાં પડયા કારી જખમ,
મરહમ નથી ધા રૂઝવા,
હૈયા મહીં કળ નથી વળી,
રોયા વિના બીજું શું કરૂં ?
નવ સમિર મૃદુ શિળો વહે,
ઉઠે ન ઉર્મિ સર મહીં;
મુજ હૃદય પણ જડ બની રહે,
સરવર તીરે જઇ શું કરૂં ?
ગાજે ન પ્રભુનાં ગાન,
મન ગળી જાય પ્રભુતામાં નહીં,
હૃદયે વીકાર જડયા રહે,
તો મંદિરે જઇ શું કરૂં ?

अध्यात्मज्ञाननी आवश्यकता.

જ્યારે જ્યારે જગતમાં જડવાદીઓની મોટી સંખ્યા પ્રગટી નીકળે છે તેના સામે આત્મવાદીઓ ઉભા રહીને અનેક દલીલોરૂપશસ્ત્રોથી જડવાદનો નાશ કરે છે. જડવાદનો નાશ કરવામાં અદ્ભુત પરાક્રમ દર્શાવનાર અધ્યાત્મવિદ્યા છે. અધ્યાત્મવિદ્યાથી મનુષ્યોના હૃદયમાં રહેલો નાસ્તિક ભાવ ટળી જાય છે. જૈનો જેને અધ્યાત્મજ્ઞાન કહે છે તેને વેદાન્તીઓ બ્રહ્મવિદ્યા આત્મવિદ્યા વગેરેનામોથી ઓળખે છે. જડવાદીઓના સામે આત્મવિદ્યા ટકી શકે છે. આત્મજ્ઞાનરૂપ ક્ષેત્રમાં ધર્માનુષ્ઠાનો પ્રગટી નીકળે છે. હાલમાં યુરોપ તથા એશીયા વગેરે ખંડમાં જડવાદીઓની સંખ્યા વધતી જાય છે અને તેથી તેઓ ઇશ્વર, પુણ્ય, પાપ, પુનર્જન્મ, આત્મા વગેરેનો સ્વીકાર કરતા નથી તેવા લોકોની સંખ્યામાં વધારો થતો દેખીને જેઓના મનમાં કંઇક લાગે એવા મનુષ્યોએ અધ્યાત્મ વિદ્યાનો ફેલાવો કરવા કમર કસવી જોઇએ. અંધકારનો નાશ ખરેખર પ્રકાશવિના થતો નથી તેમ જડવાદીઓના નાસ્તિક વિચારોનો નાશ ખરેખર અધ્યાત્મજ્ઞાનવિના થતો નથી. જડવાદીઓના આત્મામાં ચૈતન્યરસ રેડનાર અધ્યાત્મ વિદ્યા છે. જડવાદીઓની સત્યચક્ષુ પ્રગટાવનાર ખરેખર આત્મવિદ્યા છે. ચાર્વાકોની દલીલોને તોડી નાખીને ચૈતન્ય પ્રદેશમાં અધ્યાત્મવિદ્યા લેઇ જાય છે. અધ્યાત્મજ્ઞાન એજ વિજ્ઞાનવાદીઓની છેલ્લામાં છેલ્લી શોધ થવાની છે. કેવલજ્ઞાનથી શ્રીમહાવીર પ્રભુએ આત્માને દેખ્યો છે જાણ્યો છે એવા આત્માની શોધ કરનારા અનેક યોગીઓ થઇ ગયા છે અને તેઓએ આત્માનું સ્યાદ્વાદભાવે અસ્તિત્વ સ્વીકાર્યું છે, અધ્યાત્મવિદ્યાથી ચૈતન્યવાદ—આત્મવાદ સ્વીકારી શકાય છે. અધ્યાત્મવિદ્યા એ મૂર્ખાઓની દષ્ટિમાં હંબગ છે અને જ્ઞાનિની દષ્ટિમાં પરમરત્ન છે. અધ્યાત્મવિદ્યાનો બાગ આર્યાવર્તમાં ખીલ્યો છે અને તેની સુગંધી આસપાસના દેશોમાં જવા લાગી છે. ભારતદેશના વાસીઓ અન્ય યુરોપાદિ દેશોને અધ્યાત્મજ્ઞાન આપીને તેઓના ગુરૂ બની શકશે અને શિલ્પકળામાં તો પાશ્ચાત્યદેશના શિષ્યબનવાની જરૂર પડશે. આર્યાવર્તની ભૂમિમાં અધ્યાત્મવિદ્યાના વિચારો પ્રગટી નીકળે છે અને તેઓનું પોષણ પણ આ દેશમાં થાય છે. ભારતવાસીઓના ભાગ્યમાં આત્મવિદ્યાના ગુરૂ બનવાનું લખાયલું છે. ભારતવાસીઓ પાશ્ચાત્યોના સંસર્ગથી નાસ્તિકતાના પ્રદેશમાં મુસાફરી કરવા નીકળી પડશે તોપણ તે અન્તે ફરી ફરીને ચૈતન્ય પ્રદેશમાં આવવાનાજ. અધ્યાત્મજ્ઞાનના ઉદયકાલમાં આર્યાવર્ત સ્વતંત્ર હતું અને આર્યલોક આર્યત્વ ગુણોએ અલંકૃત હતા તેથી તેઓ પરસ્પર એક બીજાના આત્માને સહાય આપી શકતા હતા અને દેહ કરતાં તેઓ આત્માની પરમાત્મ સમાન કિંમત આંકી શકતા હતા તેથી તેઓ ઉદયની શૃંખલાવડે બંધાયા હતા. અધ્યાત્મવિદ્યાનો પ્રકાશ મંદ પડતાં આર્યાવર્ત લોકોમાં મોહનું જોર વધવા લાગ્યું અને તેથી તેઓ શરીર મમત્વ આદિ માયાના પ્રદેશોમાં અહંભાવ કલ્પીને અનેક દુર્ગુણોના તાબે થયા અને તેઓ પરતંત્રતાની બેડીમાં જકડાયા. સ્વતંત્રતાને માટે ભારતવાસીઓ બુમો પાડે છે પણ તેઓ આત્મારૂપ રાજાની પૂજા મૂકીને શરીરરૂપ મહેલની પૂજામાં મગ્ન થયા છે ત્યાં સુધી તેઓ વાસ્તવિક ઉન્નતિના બારણે પગ મૂકી શકવાના નથી. જડવાદના આશ્રયથી જે લોકો પોતાની ઉન્નતિ કરવા ધારે છે તેઓ ક્ષણિક ઉન્નતિના ઉપાસક બને છે અને ખરી ઉન્નતિને ધક્કો મારે છે. જડવાદના વિચારોમાં ખરી ઉન્નતિનું સ્વપ્ન છે. જોકે જડવાદીઓ અનીતિના માર્ગે ચાલી વા અધર્મના માર્ગે

ચાલી રજોગુણ અને તમોગુણવડે બાહ્યસાધનોની ઉન્નતિ કરવા સમર્થ બને તોપણ જ-ડવાદના વિચારોથી કરેલી ઉન્નતિને ટકાવી રાખવાને તેઓ સમર્થ બની શકે નહિ તેમજ તેઓ જગતના ભલા માટે સ્વાર્થનો ત્યાગ કરીને ખરીરીતે આત્મભોગ પણ આપી શકે ન-હિ—જડવાદીઓ શરીરના સુખાર્થે જે કાર્યો કરવાનાં હોય છે તે કરે છે અને તેજ તેમનો મુખ્ય મંત્ર છે. તેઓ શરીરને મહત્ત્વનું ગણીને સુખનું બિન્દુ બાહ્ય સાધનોમાંજ કલ્પે છે. આવી તેમની વિચારશ્રેણિથી તેઓ પોતાની ખરી દૃષ્ટિને ભૂલી જાય છે અને સ્વાર્થને આ-ગળ કરી પુણ્ય પાપ ગણ્યાવિના સર્વ કાર્યો કરે છે. આત્મવાદીઓ ઇશ્વર, પુનર્જન્મ કર્મ, આ-ત્મા વગેરે તત્ત્વનો સ્વીકાર કરી શકે છે અને શરીરને એક ઘર જેવું માને છે અને તેમાં રહેલા આત્માને મહાન્ પ્રકાશક માને છે. આત્મવાદીઓ ઇશ્વરીયોપદેશ પ્રમાણે ચાલીને પો-તાના આત્માની ઉન્નતિ કરે છે અને આખી દુનિયાની પણ ઉન્નતિ કરવા સમર્થ થાય છે. આત્મવાદીઓ અર્થાત્ ચૈતન્યવાદીઓ અન્યોની આત્મા તરીકે મહાન્ કિમ્મત આંકીને તેઓની જગસેવામાં પોતાની શક્તિયોનો ઉપયોગ કરે છે. આત્મવાદીઓ, સદ્દવિચારોરૂપ હવાઇ વિમાનમાં બેસીને આખા જગત્ તરફ દૃષ્ટિ નાખવા સમર્થ થાય છે અને પોતાના આત્માની ઉચ્ચતા થયા છતાં પણ અન્યાત્માઓને સહાય આપી શકે છે. તેઓ પુનર્જન્મવાદને શ્રદ્ધાગમ્ય કહે છે તેથી તેઓ પોતાનું સર્વસ્વ અર્પણ કરવામાં જરા માત્ર અચકાતા નથી અને તેમજ તેઓ વાસ્તવિક ઉન્નતિને ચાહનારા હોવાથી બાહ્ય સાધનોની પ્રાપ્તિ માટે દ્વેષ, કલેશ, સ્વાર્થ, મારા મારી વગેરે કરીને જગતને અશાંત બનાવવા પ્રયત્ન કરતા નથી. ભારતદેશનો ચૈતન્ય વાદ ભાનુ પોતાના સદ્દવિચારરૂપ કિરણોનો આખી દુનિયા ઉપર પ્રકાશ કરવા સમર્થ બને છે. આજે એ ચૈતન્યવાદનો ભાનુ મંદ પ્રકાશ કરે છે. શ્રદ્ધાગમ્ય આત્મવાદ થાય એવા ઉપાયો ફેલાવવામાં આવે તો આર્યો પૂર્વની ખરી ઉન્નતિ પ્રાપ્ત કરી શકે. આર્યાવર્તની ખરી લક્ષ્મી અધ્યાત્મ વિદ્યા છે. આર્યાવર્તનો ઉદય ખરેખર આત્મ વિદ્યામાં સમાયો છે. આત્મવિદ્યાધારક આર્યોમાં સર્વ પ્રકારની કાર્ય કરવાની શક્તિયો પ્રગટી શકશે. શ્રી મહાવીર પ્રભુએ આત્માને આત્મરૂપે જણાવીને આર્યાવર્ત ઉપર જે ઉપકાર કર્યો છે તેનું માન થઇ શકે તેમ નથી. આર્યદેશના મનુષ્યોમાં જેમ જેમ અજ્ઞાન અંધકાર છવાવા લાગ્યું તેમ તેમ તેઓ ખરા સુખના પ્રકાશથી દૂર રહેવા લાગ્યા અને તેઓનામાં મતમતાંતરો ઘણા ઉત્પન્ન થયા અને મનુષ્યો પોતાના આત્માનું સ્વરૂપ ભૂલીને માયાના પ્રદેશમાં સુખની બુદ્ધિ ધારણ કરીને વ્યસનના પંજામાં ફસાઇ ગયા અને તેઓ અજ્ઞાન મોહથી માંહોમાંહિ જાદવાસ્થળી રચીને પોતાના હાથે પોતાની અવનતિનો ખાડો ખોદવા લાગ્યા અને તેથી તેઓ ભવિષ્યની પ્રજામાં અસતનું ચક્ર આપવા લાગ્યા અને તેની પરંપરા તમઃપ્રદેશમાં વધવા લાગી. આત્માની મહત્તા ભૂલી જવાથી મોહનું જોર વધવા માંડ્યું અને તેથી મનુ-ષ્ય જીવનના ખરા ઉદ્દેશથી મનુષ્યો દુર જવા લાગ્યા અને તેઓ ભવિષ્યની પ્રજાને ઉત્તમ વારસો આપવા સમર્થ થયા નહિ. આવા કારણોથી આર્યોનું આત્મબળ ઘટવા લાગ્યું. ધર્મની ક્રિયાના સામાન્ય ભેદોને મોટું રૂપ આપીને આર્યો પરસ્પર દ્વેષ ધર્યો, કલેશ કરીને શરીરોમાં રહેલા આત્માઓને ધિક્કારવા લાગ્યા અને તેથી ધર્મની ક્રિયાના મતભેદે અસ હિષ્ણુતા વધવા લાગી. આવી સ્થિતિ થયા છતાં આત્મોન્નતિના મૂળ પ્રદેશમાં લાવવા માટે જોઇએ તે પ્રમાણે પ્રયત્ન કરવામાં આવ્યો નહિ અને જો કંઇ પ્રયત્ન કરવામાં આવ્યો તો

તે પરિપૂર્ણ અને વિઘ્ન રહિત થયો નહિ. ભારતવાસીઓ આત્મોન્નતિના સ્થાનથી દૂર દૂર જવા લાગ્યા. ચૈતન્યવાદીઓ પોતાના સદ્વિચારો અને સદાચારો પ્રમાણે સદા રહ્યા હોત અને પોતાની ફરજો જગતપ્રતિ સારી રીતે અનુક્રમ વ્યવસ્થાપુર્વક બજાવી હોત તો આત્મોન્નતિના માર્ગમાંથી દૂર થઇ શકત નહિ. શ્રી વીર પ્રભુએ કેવલ જ્ઞાનવડે સ્યાદ્વાદ શૈલીએ આત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો હતો. તેનો ફેલાવો આખી દુનિયામાં થયો હોત તો હાલની દુનિયા સ્વર્ગસમાન જણાત. શ્રી વીરપ્રભુએ ચૈતન્યવાદનો પ્રચાર કરવા જે પ્રયત્ન કર્યો છે તેની કિમ્મત આંકી શકાય તેમ નથી. શ્રી મહાવીર પ્રભુએ ચૈતન્યવાદનો પ્રચાર કરીને ભારત વર્ષમાં અપૂર્વ પ્રકાશ પાડયો છે તેની ઝાંખી હાલ પણ અવલોકવામાં આવે છે.

અધ્યાત્મવિદ્યાનાં શાસ્ત્રો હાલ મોજુદ છે. અધ્યાત્મ વિદ્યાના વિચારો દેશકાલને અનુસરી પોતાના આચારમાં ઉતારી શકાય એવો વ્યવસ્થા ક્રમ ગોઠવીને જીવનની ઉચ્ચ દશા કરવાની જરૂર છે. શ્રી વીર પ્રભુએ ઉપદેશેલા આગમોમાં અધ્યાત્મ વિદ્યાનો પૂર્ણ ખજાનો છે, અધ્યાત્મ વિદ્યાના પૂર્ણ ખજાનારૂપ આગમોનો ઉપદેશ આપનારા આપણા પરમ પૂજ્ય મુનિવરો છે. આપણા મુનિયોએ અધ્યાત્મ વિદ્યાના ખજાનાને પરંપરાએ અદ્યાપિ પર્યંત વહન કર્યો છે. આપણા મુનિવરોના હાથે અધ્યાત્મ વિદ્યાનો પ્રચાર થયો છે અને ભવિષ્યમાં થવાનો છે. અધ્યાત્મ વિદ્યાનો પ્રચાર કરનાર મુનિવરોને સર્વ પ્રકારે ઉત્તેજન આપવાની જરૂર છે. અધ્યાત્મ વિદ્યાની શક્તિયોને ખીલવવાના ઉપાયોનો આખી દુનિયામાં પ્રચાર કરવાની જરૂર છે.

આપણે જો ચૈતન્યવાદમાં ઉંડા ઉતરીએ તો શરીરના ભોગ અને ઉપભોગનાં સાધનોની તૃષ્ણાનો ત્યાગ કરીને અન્યોના ભલામાં ભાગ લઇ શકીએ. આત્મવાદની ખરી શ્રદ્ધા થવી જોઇએ. આત્મવાદ અને કર્મવાદની ખરી શ્રદ્ધા થવાથી સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે. આત્મવાદની ખરી શ્રદ્ધાના સંસ્કારો પાડનારા ગુરૂઓના શરણમાં રહીને આત્મ વિશ્વાસ ખીલવવો જોઇએ. આત્મવિશ્વાસ અને આત્માની કિમ્મત અવબોધ્યાવિના પ્રમાણિકતા તેમજ ખરો વૈરાગ્ય પ્રકટી શકતો નથી. આત્મ વિદ્યા એ અપૂર્વ સુખની કુંચી છે એમ દઢ નિશ્ચય કરનારી પ્રજામાં ખરા સન્યાસના ગુણો પ્રગટી શકે છે. પોતાનો વિશ્વાસ પોતાને ન પડે અને પોતાનાથી જે કંઇ કરવામાં આવતુ હોય તેની શ્રદ્ધા પોતાને ન હોય ત્યાં સુધી તે કાર્યમાં ખરેખરો વિજય મળી શકતો નથી. આત્મવિદ્યા કાર્ય વિજયની કુંચી બતાવે છે અને કાર્યો કરવામાં ખરી આત્મશ્રદ્ધા પ્રકટાવે છે. કાર્યો કરવામાં સંશયી આત્મા ટકી શકતો નથી અને તે અન્યોને દૃષ્ટાંતીભૂત થઇ શકતો નથી. ખરી આત્મશ્રદ્ધા એજ પરમ પુરૂષાર્થનું બીજ છે. ખરી આત્મશ્રદ્ધા એજ મનોવૃત્તિની એકાગ્રતાનું બીજ છે. ખરી આત્મશ્રદ્ધાએ પરમ વિશુદ્ધ પ્રેમનું બીજ છે. ખરી આત્મશ્રદ્ધા એ યમ અને નિયમોનો આધાર છે. ખરી આત્મશ્રદ્ધા એજ ધર્માનુષ્ઠાનો રૂપ વનસ્પતિઓના રસભૂત છે. શ્રદ્ધા વિનાનો મનુષ્ય સંશયના વિચારોથી નષ્ટ થાય છે અને અનેક મનુષ્યોને નષ્ટ કરે છે. આત્માને અનુભવ ગમ્ય કર્યા વિના આનંદની છાયા સર્વ પ્રસંગોમાં દેખી શકાતી નથી. ખરી આત્મશ્રદ્ધા એ રેડીયમ ધાતુ સમાન છે. આત્મશ્રદ્ધા વિના સેવા અને ભક્તિમાં ખરો આત્મ રસ વહી શકતો નથી અને તેથી મનુષ્યો સેવા ભક્તિના અનુષ્ઠાનોમાં શુષ્કતાની વૃદ્ધિ કરે છે. આત્મજ્ઞાન જેટલા જેટલા અંશે વધતું જાય છે તેટલા તેટલા અંશે આત્મ શ્રદ્ધા વધતી જાય છે અને તે અન્ય ગુણોનો પ્રવાહ કરવાને પૃથ્વીની ઉપમાને ધારણ કરી શકે છે. આત્મજ્ઞાનવડે

આત્મશ્રદ્ધામાં પરિણામ નહિ પામેલા મનુષ્યો પોતાનો વિશ્વાસ અન્યો ઉપર બેસાડવા સમર્થ થતા નથી. પ્રામાણિકતાનું ખરૂં કારણ આત્મશ્રદ્ધા છે. જેઓ આત્માને આત્મભાવે જાણીને આત્માની શ્રદ્ધાના રસવડે મનને મજબુત કરે છે, તેઓની કિમ્મત આંકી શકાતી નથી. શરીરનો આકાર દેખીને શરીરમાં રહેલા આત્માની પરીક્ષા કરતાં ભૂલ કરી શકાય. શરીર કરતાં શરીરમાં રહેલા આત્માની શ્રદ્ધાને વિશેષતઃમાન આપવાની જરૂર છે. શરીરમાં રહેલા આત્માને ઓળખો તેની શ્રદ્ધા કરો અને જે જે કાર્યો કરો તેમાં આત્મશ્રદ્ધાને આગળ કરો. આત્મશ્રદ્ધાથી હાથમાં ધરેલાં કાર્યો કરવામાં દેવતાઇ સહાય મળી શકે છે એમ નક્કી માનશો. મનુષ્યો પોતાના આત્માને એક ગરીબ કંગાલ ગણીને પોતાના હાથે પોતાનો તિરસ્કાર કરીને આગળ વધી શકતા નથી. પોતાના આત્માની સિદ્ધ સમાન સત્તા છે તેની શ્રદ્ધા થયા વિના આત્માની શક્તિયોને વ્યક્ત કરવા માટે ઉદ્યમ કરી શકાતો નથી અને તેમજ ઉદ્યમ કરતાં પડતાં એવાં વિઘ્નોની સામે ટકી શકાતું પણ નથી. આત્મશ્રદ્ધા વિનાનો મનુષ્ય ડરાવ્યાથી વા વિઘ્નોથી પાછો હઠી જાય છે અને તે ખરા નિશ્ચયને મેરૂ પર્વતની પેઠે અડગ રાખી શકતો નથી. તે ક્રિયા વા ધર્માનુષ્ઠાનોમાં દુઃખો આવી પડતાં કૂતરાની પેઠે ઉભી પૂંછડીએ કાર્ય ક્ષેત્રમાંથી પાછો ભાગી જાય છે. આત્મબળને એકત્ર કરીને કોઇપણ કાર્યમાં વાપરવાનું હોય તો તે આત્મ શ્રદ્ધા વિના બની શકતું નથી. આત્મ શ્રદ્ધાએજ વિજય વરમાળા છે. આત્મશ્રદ્ધાથી મનુષ્યો આનંદોત્સાહથી ધર્મકાર્યો કરે છે તેઓ દુઃખમાં પણ કર્મવાદના સિદ્ધાંતોને અવબોધતા હોવાથી અકળાતા નથી, અને મગજની સમતોલના જાળવીને આત્મપ્રદેશોમાં રહેલા ધર્મોને ખીલવે છે. આત્મવાદીઓ આત્મશ્રદ્ધાથી પરિપક્વ બનેલા હોય છે તેથી તેઓ કર્મ પ્રમાણે સુખ દુઃખના વિપાકને ભોગવતા છતાં સમત્વને ખોતા નથી. આત્મવાદીઓ પુનર્જન્મની શ્રદ્ધાવાળા હોવાથી સત્ કાર્યો કરવામાં નિષ્કામ બુદ્ધિથી પરિપૂર્ણ આત્મ ભોગ આપી શકે છે. જે જે કંઈ શુભ કાર્ય કરવામાં આવે છે તેનું ફળ અવસ્ય પરભવમાં મળે છે એમ આત્મવાદીઓને વિશ્વાસ હોવાથી શુભ કાર્ય કરતાં કદી પાછળ પડતા નથી. આત્મ વાદીઓ ખરા દેશવીર ખરા ધર્મવીર પાકે છે. આત્મવાદીઓને પાતાળ કુવાની પેઠે પોતાના આત્મામાંથી ખરી શક્તિથી સહાય મળી શકે છે. જડવાદીઓ નાસ્તિકો પુનર્જન્મ માનતા નથી તેથી તેઓ આ ભવમાં જે કંઇ પ્રત્યક્ષ ફળ દેખાય તે માટે અવિશ્વાસની દૃષ્ટિએ કરે છે તેથી તેઓ આન્તરિક બળ પ્રાપ્ત કરી શકતા નથી. આત્મવાદી એવું નામ માત્ર ધરાવનારાઓ પોતાના કાર્યમાં જડવાદીઓ કરતાં પાછા હઠે તો જાણવું કે તેઓ આત્મ તત્ત્વના..ખરા સ્વરૂપને ઓળખી શકતા નથી.

જડવાદીઓ કરતાં ખરા ચૈતન્યવાદીઓ સર્વ બાબતોમાં વિજય મેળવી શકે છે અને તેઓ જડવાદીઓને આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. જડવાદીઓ ખરેખર ખરા અધ્યાત્મ વાદીઓના તાબામાં આવે છે અને તેઓ અધ્યાત્મ વાદીઓના શિષ્યો બને છે. આત્મશ્રદ્ધાથી ચુસ્ત બનેલા આત્મવાદીઓ આખી દુનિયાની નજરે આવે છે. અધ્યાત્મવાદીઓ શોક વા ઉદાસીન ચહેરે બેસી રહેતા નથી. અધ્યાત્મ વાદીઓ ડરકું મીયાંની પેઠે ધર્મ માર્ગમાંથી પાછળ ફરનારા હોતા નથી. અધ્યાત્મવાદીઓ બાહ્ય અને આન્તરિક શક્તિયોને પોતપોતાના અધિકાર પ્રમાણે ખીલવે છે.

આપણા આર્યક્ષેત્રમાં અધ્યાત્મવિદ્યાએ સદાને માટે વાસ કર્યો છે. ધર્મના સ્થાપકો ખરેખર આર્યાવર્તમાં પાકે છે. આર્યક્ષેત્રની ભૂમિના વાતાવરણમાં કંઇ વિલક્ષણ તત્વ રહ્યું છે કે તે આર્યાવર્તના વતનીઓને આત્મવિદ્યાના પ્રદેશ તરફ આકર્ષે છે અને ધર્મ મહાત્માઓને પોતાનામાં ઉત્પન્ન કરે છે. આર્યાવર્તના વિદ્વાનોનું અધ્યાત્મવિદ્યા તરફ છેવટે લક્ષ ખેંચાય છે. આર્યાવર્તમાં ખરેખરી અધ્યાત્મવિદ્યા છે. આર્ય દેશના મનુષ્યોને અધ્યાત્મ વિદ્યાની પ્રાપ્તિ માટે પાશ્ચાત્યોના શિષ્યો બનાવાની જરૂર નથી. આર્ય દેશમાં જન્મેલો મનુષ્ય અધ્યાત્મ વિદ્યાની ખરેખરી પ્રાપ્તિ કરી શકે છે. પાશ્ચાત્યો આર્યદેશની અધ્યાત્મ વિદ્યા ગ્રહણ કરે તો પૃથ્વીના કકડા માટે લાખો મનુષ્યોના પ્રાણનો કદી નાશ થાય એવી મોહદશાને તાબે થઇ શકે નહિ. દેશ. :કાલ ક્ષેત્ર, એવણ અધ્યાત્મ વિદ્યાની પ્રાપ્તિ માટે ઉપયોગી છે. અધ્યાત્મ વિદ્યા એ આપણું ખરૂં જીવન છે અને એવા જીવનથી જીવવું એજ આપણું અમરપણું જાણવું.

संकल्प बळ.

ને

વિચારોની આરોગ્ય પર થતી અસર.

(લેખકઃ—**પાદરાકર.**)

મનુષ્યમાં એક એવી પરમશક્તિ ગુપ્તપણે નિવાસ કરી રહી છે—કે જેની મદદથી તે આનંદ શાંતિ—શક્તિ, સમૃદ્ધિ—સામર્થ્ય—કે ગમે તેવી ઇચ્છિત વસ્તુ તે સહેલાઇથી પ્રાપ્ત કરી શકે છે ને તે, બીજું કંઇ નહીં પણ—" આમોઘ આત્મશક્તિ છે. " જો તેને બરાબર ઓળખવામાં આવે—તેનું ધ્યાન-પૂજન કરવામાં આવે, વિચારોની એકાગ્રતા કરી દ્રઢ સંકલ્પ બળથી તેની સાધના કરવામાં આવે તો ત્રિભૂવનમાંની કોઇ પણ ચીજ તેને માટે અસાધ્ય નથી.

આત્મશક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ હોવોજ જોઇએ ને વિશ્વાસથીજ વિચારોની એકાગ્રતા—બીજા શબ્દોમાં કહીએ તો ' સંકલ્પ ' બળ વધારતા જવાથી ઇષ્ટકાર્ય ફલીત થવાનુંજ ને આગળ વધીને કહીએ તો વચન સિદ્ધિ વરદાન, ને શ્રાપ આદિ બાબતો માત્ર દ્રઢ સંકલ્પનાંજ મુર્ત સ્વરૂપ છે.

શક્તિ—સામર્થ્ય— શાંતિ ને પૂર્ણ નિરોગીપણાના ધ્યેયના વિચારો તેનું મનન એ આરોગ્ય મેળવવાનાં શ્રેષ્ટ સાધન છે. સામર્થ્યવાન ને શક્તિદાયક વિચારો, આશાવંતા, ઉત્સાહ વર્ધક વિચારોજ સદા સર્વદા સર્વને નવુ જીવન આપે છે. એવા શઆવધિ દાખલાઓ આપણને મળી આવશે કે—વિચારોની એકાગ્રતાથી ગમે તેવાં જોખમભર્યાં કાર્યો સિદ્ધ થયાં છે ને તેને માટે માત્ર નીચેનાં બેજ દ્રષ્ટાંત આપીશું, અને તે અમેરિકન પ્રોફેસર બેલ ને પ્રોફેસર એલમર ગેટસનાં છે.

વિચારો ને આરોગ્ય એ બેનો પરસ્પર કેવો રમણિય સંબંધ છે, ને શાંતિ દાયક શક્તિવર્ધક–આનંદ દાયક–વિચારોથી આરોગ્ય કેટલું જલદી વધે છે, તે સંબંધી શાસ્ત્રીય માહીતી મળવાથી સર્વ કોઇને આનંદ થયા શિવાય રહેશે નહી. બીજા અનેક શાસ્ત્રો પ્રમાણે માનસિક શાસ્ત્રો પણ માનવ જાતિને અત્યંત ઉપયુક્ત શાસ્ત્ર છે. આ નવીન માનસિક શાસ્ત્રની ઘણા થોડાનેજ માહીતી હોય છે. ભારતવાસીઓની હમેશાંની–નુતન શાસ્ત્રો જાણવાની બેદરકારી પ્રમાણેજ આમાં પણ બન્યા શિવાય રહ્યું નથી એ ખેદની વાર્તા છે, પરંતુ આ શાસ્ત્રનો અભ્યાસ, મનન, અનુભવ, શોધ હાલમાં અમેરિકા–જર્મની ઈત્યાદિ પાશ્ચાત્ દેશોમાં ઘણાજ ખંતથી ચાલુ થયાં છે. માનસિક પ્રતિભા શરીર પર કેટલી બધી ચમત્કારીક અસર કરે છે તે નીચેના પ્રયોગથી સમજાશે.

ટેલીફોન શોધી કાઢનાર " અમેરિકન પ્રોફેસર બેલ, " એક દિવસ અતિશય થંડીના વખતમાં–થંડા પ્રદેશોમાં–રેલવે માર્ફતે મુસાફરી કરતા હતા તે વખતે થંડી એટલી બધી સખ્ત પડવા લાગી કે–તેને પોતાના પગનું રક્ત થંડીથી બંધાઇ જવાની બીક લાગી પણ તે માનસિક શાસ્ત્રનો મોટો અભ્યાસિ હોવાથી, પોતાના પગપર માનસિક વિચારોને એકઠા કરી, તેમાં નવિન રક્તના ઉદ્‌ભવનો દ્રઢ સંકલ્પ કર્યો ને તેની અજાયબી વચ્ચે નવિન રક્તનો સંચાર તે પગમાં થવા લાગ્યો. તે પગપર થનાર થંડીનું અનિષ્ટ પરિણામ આવી રીત્યા નાબુદ થયું.

શરીરના કોઇ પણ ભાગ પર દ્રઢ સંકલ્પ બળ લગાડવાથી તે ભાગમાં તદન નવિન રક્તની અભિવૃદ્ધિ થાય છે એવો તેને અનુભવ થયો. માત્ર એવા ભાગપર વિચારબળની એકાગ્રતા એટલી બધી સજ્જડ થવી જોઇએ કે વિચાર કરનારે તે વખતને માટે તેમાં તન્મય થવું જોઇએ.

માનસશાસ્ત્રનો વિદ્વાન અભ્યાસિ–અમેરિકન પ્રોફેસર–એલ્મર ગેટસ, એમણે એક વખતે એકજ જાતનાં બે વાસણ, ટંકોટંક પાણીથી ભરીને મુક્યાં, ને તેમાં પોતાના બેઉ હાથ ગળા સુધી ડુબાડી દીધા પછી તેણે એક હાથ સંબંધી બધા વિચારો છોડી દઇને બીજા હાથ પરજ પોતાનું મન પૂર્ણ એકાગ્ર કરીને–નવિન રક્તનો સંચાર થાવો–એવો દ્રઢ સંકલ્પ ચાલુ કર્યો. જાણે આખા વિશ્વમાં તેનું એટલુંજ ઇતિ કર્તવ્ય હોય તેમ તેણે માત્ર નવીન રક્ત સંચારના વિચારમાંજ પોતાનું બધું મન પરોવ્યું–ને વિચારોનાં બીજાં ખાનાં તદન બંધ કર્યાં. એવી રીતે એકજ હાથપર વિચારોની એકાગ્રતા કેટલાક વખત ચાલુ રહેવાથી હાથમાં બીજું નવીન રક્ત એકઠું થવા લાગ્યું ને તેથી કરીને હાથમાંના નવિન રક્તે વધુ જગ્યા રોકવા માંડી ને આ રીતે તે વાસણમાંનું પાણી ધીરે ધીરે બહાર આવવા લાગ્યું. હવે તેણે તે હાથ પરના વિચારોની એકાગ્રતા કાઢી લઇને તેજ પ્રમાણે બીજા હાથપર શરૂ કરી ત્યારે તેવીજ રીતે વાસણમાંથી પણ પાણી બહાર આવવા લાગ્યું. આ જડયોગ ઉપરથી માનસિક વિચારોની શરીરપર કેટલી બધી અસર થાય છે તે સ્પષ્ટ રીત્યા જણાઇ આવે છે. " જે પ્રમાણે મનુષ્ય વિચાર કરે–તેવો જ તે થાય છે "–એ જુના તત્વને હાલના શાસ્ત્રીય પ્રયોગો સત્ય ઠરાવે છે. એમાં કંઇ પણ અજાયબ જેવું છેજ નહીં.

રોગપર જયમેળવવાની પ્રબળ ઇચ્છા રાખનાર મનુષ્યને–તેના રોગનું વર્ણન તથા પરિણામ

કહેવાથી–તથા તેની પ્રકૃતિ દિવસે દિવસે અશક્ત થતી જાય છે એવું કહી કહીને, આપણે તે મનુષ્યના વિચારોની એકાગ્રતા બીજા શક્તિદાયક વિચારો કરવાને બદલે દુઃખપર લગાવરાવીને–તેનો રોગ માત્ર વધારી મુકીએ છીએ. રોગથી મુક્ત થવાથી ઇચ્છા રાખનાર દરદી પાસે તેના રોગ સિવાય બીજી બાબતની વાતચીત કરવાથી તે માણસને આપણે ઘણીજ સારી મદદ કરવા સરખુ કરીએ છીએ. રોગીને બીજા ઔષધ પ્રમાણેજ શારીરિક ને માનસિક શાંતિદાયક વિચારોનું દિવ્યૌષધ આપવામાં આવે તો શક્તિ–સામર્થ્ય–ને નિરોગીપણું જલદી તેને ભેટશે એ નિશ્ચય સમજવું. જો આપણે રોગના–અશક્તિપણાના ને ત્રાસના વિચારો કરવાને બદલે આપણા મનમાં આરોગ્યના–આનંદના શક્તિના–શાંતિના વિચારો આણવાનો નિશ્ચયપૂર્વક યત્ન કરીએ તો તેથી કેટલો બધો ફાયદો થાય તેની થોડાનેજ ખબર હોય છે. શક્તિદાયક વિચારો એજ શારીરિક શક્તિનું બીજ છે. શરીરના કોઇપણ ભાગનું દુઃખ અગર સોજો, તેના પર મનની એકાગ્રતા કરવાથી વધતાં જાય છે એ ઘણાકમાં અનુભવવામાં આવ્યું હશેજ.

ડાકટર અગર વૈદ્યનું પ્રસન્ન વદનથી બોલાયલું "તમોને જલદી મટી જશે. કંઇ ચિંતા કરશો નહિ " એ અમૃત વાક્યથી દરદીને કેટલો બધો આરામ લાગે છે ? ને તેથી ઉલટું " હવે આશા નથી ! રોગ અસાધ્ય છે ! " એવાં તેનાંજ વિષમય વાક્યોથી નિરાશ થઇ જઇ કેટલા દરદી ઉલટા વધુ હેરાન–અને–મૃત્યુ પ્રાપ્ત થયા છે !

સુશ્રુષા કરનાર–ને વૈદ્યના ઉત્સાહી–આશાજનક ને સંજીવક વિચારોથી રોગીના પર જેટલાં સારાં પરિણામ થાય છે તેટલાં બીજાંથી થતાં નથી. " **માનસિક આરોગ્ય–એજ શારીરિક આરોગ્યનો પાયો છે !** " ને માનસિક આરોગ્ય પ્રાપ્ત કરવા માટે પ્રત્યેક મનમાં સતત આનંદદાયક, ઉત્સાહ વર્દ્ધક, ને સામર્થ્યવાન વિચારોની શ્રેણિઓ આણ્યા કરવી એજ ઉત્તમ સાધન છે.

શારીરિક બળને માટે પ્રસિદ્ધ થયેલો કસરતબાજ પ્રો. સેંડો દશ વર્ષની વયે તદન નિર્માલ્ય–દુબળોને હાડપિંજર જેવો દેખાતો હતો પણ સદોદિત શક્તિના વિચારો–મહારૂં શરીર સુધરતું જાય છે–મહારામાં શક્તિ આવતી જાય છે એવા માનસિક વિચારોની એકાગ્રતા નિયમિત કસરત–ને આનંદ–ઉત્સાહ–ને શક્તિનાજ વિચારોથી વધી વધીને આજે આખી આલમમાં મોટામાં મોટો પહેલવાન થયો છે.

પેઢી પર પેઢીથી ચાલતા આવેલા ક્ષય રોગવાળા એક કુટુંબમાં જન્મેલી એક બાલીકાને, તેને ક્ષય રોગ થશે માટે તેને બિલકુલ થંડી લાગવા દેશોના–તેને બિલકુલ શ્રમ લેવા દેશો નહીં–એવું હમેશાં કહેવાથી–તેના કુમળા મગજપર આ બાબતનું દુષ્પરિણામ થયા સિવાય રહેતું નથી, અને આવી રીત્યા બચપણથીજ તેનું મન ક્ષયરોગ તરફ વળેલું હોવાથી કારણ પરત્વે થોડી થંડી કે તાવનો હુમલો થતાજ આ ક્ષય રોગનીજ છાયા હશે એમ તેને લાગવા માંડે છે. તે આવી ભાવના આગળ ઉપર મુર્તિમંત થયેલી જોવામાં આવે છે ને છેવટે તેજ દરદ તેને જીવલેણ નીવડે છે. આ દાખલામાં સ્પષ્ટ જણાશે કે દરદ કરતાં દરદી પોતે–ને તેના કરતાં તેની આસપાસનાં માણસોના બેદરકારી ભર્યાં વિચારોજ દરદીને વધુ નુકશાનકારક નિવડે છે કારણ કે દુઃખ ને દરદ સંબંધી ત્રાસ ને ચિંતા કર્યાં કરવાથી અન્ન

પચન ને રક્તાભિસરણ ઉપર તેની અસર થયા શિવાય રહેતી નથી. દુઃખને રોગ સંબંધી હંમેશાં વિચારો કર્યાં કરવાથી માત્ર તેની વૃદ્ધિજ થાય છે ને દુઃખને રોગ દુર કરવાની ઇચ્છા રાખનારે મનમાં હમેશાં સુખને આરોગ્ય સંબંધી વિચારો આણવાથીજ તે નષ્ટ પ્રાયઃ થઇ જાય છે.

શરીરમાંની માનસિક ને શારીરિક ક્રિયાઓપર માનસિક સુચનાઓની ઘણીજ અસર થાય છે. દરેક માણસ સાધારણ રીત્યા પોતાના આરોગ્ય સંબંધી વિચારો બહુજ જલદીથી ગ્રહણ કરે છે. આપણે આપણા સમાગમમાં આવતા પ્રત્યેક મનુષ્યને અશક્તપણાની સુચનાઓ હમેશાં આપ્યા કરીએ છીએ પણ ભુલવું જોઇએ નહી કે તેને તેની ખરાબ અસર થયા સિવાય રહેતી નથી. ઘણા લોકોની એવી કલ્પનાજ થઇ ગયેલી હોય છે કે આપણા શરીરમાં કોઇક બાપદાદાના ઉતરી આવેલા રોગનાં બિજ છે, ને તેથીજ છેવટે આપણો અંત થવાનો.

વાંચકો ! આવા વિચારો ભયંકર ભાવનાઓ મનમાંજ રાખીને આખુ આયુષ્ય ગાળવું એ કેટલું બધુ દુઃખદાયક છે ? કેટલું બધું હાનીકારક છે ? એવા વિચારોવાળા મનુષ્યને જીવનના અતિ આનંદદાયક પ્રસંગોમાં, આનંદને ઉત્સાહને બદલે, છુપા નિશ્વાસ, ચિંતાઓ ને નિરાશા એજ ઘેરી લીધા હોય છે. આનંદ જેવું તેમને કંઇ જણાતુંજ નથી કારણ તેમને મનથી તેઓ જલદીજ મરી જવાના એવી ભાવના તેમને રહ્યાં કરે છે. હવે એ ભાવનાપર મનની એકાગ્રતા થવાથી જરા જરા નબળાઇ કે દરદને તેઓ પોતાનું દરદ સમજે છે તેથી તાડક્યાં કરે છે, ઠેકાણે ઠેકાણે તે કહ્યા કરે છે, ને પોતેજ તે દરદ ને ઉભુ કરી છેવટે તે રોગના ભોગ બિચારો થઇ પડે છે. અરે રે ! કેવું ખેદ જનક !

સર્વશક્તિ પૂર્ણઆરોગ્ય મય ને શાંતિનું સામ્રાજ્ય સ્થાપનાર અમોઘ આત્મશક્તિનું નિવાસસ્થાન એવું દુર્બળ રોગી અશક્ત હોઇ શકેજ નહી પણ તેના બિજનું કર્મ ક્ષેત્ર છે ને તેથી આ બિજની આનંદમય શક્તિદાયક ને શાંતિના વિચારોની પરિસ્થિતિ આપણે ઉત્પન્ન કરી શકીએ તો આપણે સર્વ શક્તિ ચિરંજીવીતા ને આરોગ્યના આદર્શ થઇ શકીએ એ નિઃસંદેહ વાર્તા છે. આવા વિચારો મનમાં રાખવાથી આપણને કેટલું બધુ સુખ થાય વારૂં ? ! ! રોગને નિર્બળતાનાં બિજ આપણામાં છે—એવી સમજ કરી લેવા કરતાં ને શક્તિમય આનંદમય ને જ્ઞાનમય પરમ તત્વ આપણામાં છે, તેથી કરીને આપણે શક્તિ–આનંદ–જ્ઞાન મેળવવાને ખાસ હક્કદાર છીએ એવા વિચારોથી આપણને કેટલો બધો ફાયદો મલે છે તેનો અનુભવ ખાસ લેવા જેવો છે. જે બાબત આપણે કરવા ઇચ્છિએ છીએ, જેના સંબંધી આપણે એક સરખી ખટપટ કરીએ છીએ, તે સંબંધી દ્રઢ સંકલ્પ આપણા હૃદયમાં ધારણ કરવાથી તે બાબત પોતાની મેળેજ આપણને અનુકુળ થાય છે એવું આપણે ઘણીવાર જોઇએ છીએ.

" ઇચ્છા કરો તે મેળવવાનો દ્રઢ સંકલ્પ કરો ને તે સુખેથી મેળવો ! " " દ્રઢ સંકલ્પ બળથી પ્રતિકુળ સંયોગોને તમો અનુકુળ સંયોગોમાં ફેરવી શકશો ને કોઇ પણ ચીજ તમોને અસાધ્ય રહેશે નહીં ! " કારણ કે દ્રઢ સંકલ્પ બળથી મહાન્ નેપોલિયન બોનાપાર્ટની માફકજ તમે પણ તમારી ડીકક્ષનેરીમાંથી " અશક્ય " શબ્દને છેકી શકશો. યાદરાખજો કે ' અશક્ય ' શબ્દ એ નિર્બળની ડીક્ષનેરીનો છે

આરોગ્ય એ આપણા સર્વનો જન્મ સિદ્ધ હકક છે પણ રોગ એતો મનુષ્ય નિર્મીત ચીજ છે. પૂર્વના હજારો વર્ષ પર્યંત પૂર્ણ નિરાગીપણું ભોગવનાર રૂષિ મુનિયોને યાદ કરો. દ્રઢ સંકલ્પ બળથી તેઓ પોતાના રોગ દુર રાખતા એટલુંજ નહીં પણ માત્ર હાથ ફેરવીને કે ફુંકમારીને તેઓ બિજાઓના રોગ પણ દુર કરવાની શક્તિ ધરાવતા.

માણસ વિચારોનું પુતળુ છે. વિચારોની ખુલ્લિ છાપ તેના મુખપર ઓળખાઇ રહે છે ને ઘણીવાર ઘણા અનુભવી લોકો સામા માણસની મુખચર્ચા પરથી તેના વિચારો વાંચવા નો દાવો કરે છે ને તેના મોં પરથી તેની ઇચ્છાઓને વિચાર કહી બતાવે છે ! આ સઘળુ શું બતાવે છે ? કે વિચારોમાણસના શરીરપર એટલી બધી અસર કરે છે કે દ્રઢ સંકલ્પવાળો પુરૂષ તે વિચારો ખુલ્લા વાંચી શકે છે.

આરોગ્ય, શાંતિ, ને શક્તિમય વિચારોને હમેશાં મનમાં આણવાથી તેની અસર રોગીના રોગને દુઃખીના દુઃખ પર થવી ન જોઇએ પણ આવી રીતે માત્ર દિવસમાં એક કે બે વાર વિચાર કરવાથી કંઇ ઇષ્ટ પરિણામ એકદમ આવે નહી. આપણા મૂળ સ્વરૂપે આપણે આનંદમય, શક્તિમય, શાંતિમય છીએ એવા વિચારોપર અનેકવાર મનની એકાગ્રતા થવી જોઇએ. તે સિવાય શારીરિક સ્થિતિ બદલાવવાની નથીજ. " પ્રથમ વિચારને પછી આચાર " એ નિયમ અહીં પણ લાગુ પડે છે. આપણા પૂર્ણ આરોગ્યમય, શાંતિમય, શક્તિમય, મૂળ સ્વરૂપનું જ્યારે આપણને વિસ્મરણ થાય છે, ત્યારેજ શારીરિક રોગમય સ્થિતિ પર આપણો અમલ ચાલતો નથી પણ જે વખતે આપણને આત્મસ્વરૂપનું ઓલખાણ થાય છે તે વખતે તેની મદદથી શારીરિક રોગમય સ્થિતી પર જય મેળવવામાં વિલંબ લાગતો નથી. આપણે ભુલી જવું જોઇએ નહી કે, આપણા શક્તિમય આનંદમય ને આપણામાં રહેલા મૂળ સ્વરૂપની ચમત્કારીક ગુપ્ત શક્તિપર, આપણને વિશ્વાસ નહી હોવાને લીધેજ આપણને અનેક દુઃખો ભોગવવાં પડે છે.

અનેક વહેમી સમજુતીઓથી–આસપાસના માણસોના અને વિઘાતક વિચારોએ આપણને એટલા બધા પરતંત્ર બનાવી દીધા છે–કે આપણે પોતાને સર્વ આયુષ્યભર રોગનુઘર અશક્તિને દુઃખનું ચાલતું પુતળું–તે મૃત્યુનો ભક્ષ સમજીએ છીએ. આ ગુલામગીરીમાંથી મોક્ષ થવું હોયતો આપણા પોતાના ઉછીના લીધેલા ક્ષુદ્ર મેલા ઘેલા વ્હેમી વિચારો ઘેલછા ભરી સમજુતીઓ છોડી દઇને આપણે આપણા પોતાના વિચારો ઉત્પન્ન કરી લેવા જોઇએ, ને લોકોના વિચારો પૈકી આપણા વિચારોને પસંદ પડે તેવા સત્ય વિચારોજ ગ્રહણ કરવા. આપણા સુત્રો નિયમો ને જીવનના રસ્તા આપણે પોતેજ નિયત કરી રાખવા જોઇએ. નાના બાળકને જેવી રીતે તેની મા ખવરાવે તેમ તે ખાય છે તેજ પ્રમાણે મોટી ઉમ્મરના, વિચારવાનને સમજુ માણસો પણ બીજાના અશક્તિમય, ને દુઃખમય વિચારો પોતાના મનમાં કંઇ પણ વિચાર ન કરતાં ભરી દેછે, એ ઓછા શોચની વાર્તા નથી. મનુષ્ય માત્ર પોતાના વિચારનો સ્વતંત્ર માલીક છે. ઉપરી કિંવા વડીલ અગર રાજા મહારાજા પણ–મનુષ્યના શરીરની માલેકી કદાચ ધરાવી શકે પણ પોતાના વિચારના મનના તો સૌ કોઇ સ્વતંત્ર રીત્યા માલીક છે તો પોતે પોતાના વિચારો શા માટે ઉન્નત—આનંદમય—શાંતિમય ન રાખે વારૂ ?

એક ચિતારો અગર શિલ્પકાર જેમ પોતે હાથમાં લીધેલા કાગળનું બરાબર માનસિક

ચિત્ર પ્રથમ તૈયાર કરવામાં પોતાનું સર્વસ્વ ખરચી નાંખે છે, ને ચિત્રનું તથા ઇમારતનું ચિત્ર બરાબર મનમાં આળેખાયા બાદ તેની આબેહુબ પ્રતિકૃતિ જડ શ્રષ્ટિમાં લાવવામાં આવે છે, તેમજ નિરોગીને સુદ્રઢ થવાની ઇચ્છા રાખનારે પણ આ પ્રમાણે પોતાના નિરોગીપણાનું ને સુદ્રઢ પણાનું માનસિક ચિત્ર પ્રથમ તૈયાર કરવામાં પોતાની સર્વશક્તિ ખર્ચી નાખવી જોઇએ ને તે પછી તેજ નિરોગીપણાનું ને સુદ્રઢપણાનું માનસિક ચિત્ર કેટલાક વખત બાદ તેના શરીર રૂપી શ્રૃષ્ટિમાં આવેલું દ્રષ્ટિદ્રશ્યમાન થશે; પણ જ્યાં નિરોગીપણાનું ને સુદ્રઢપણાનું માનસિક ચિત્રજ નહી ત્યાં શરીરરૂપી ચિત્ર બેડોળ–કમતાકાતને વિદ્રુપ દેખાવતું હોય તેમાં નવાઇ શી ?

જ્યાં સુધી, " આપણે અશક્ત છીએ, આપણામાં વૃદ્ધોના રોગ ઉતર્યા છે, અશક્તી પણું છે, આપણી શક્તિ મર્યાદિત છે, રોગથીજ મરવું એ આપણા નશીબમાં સરજાયલુંજ છે, શાંતિ કે આનંદ તો આપણે માટે નિર્મીતજ નથી, આપણે કશું કરી શકવાના જ નથી." એવા દુ:ખમય વિચારો આપણા મનમાં આણીએ છીએ ત્યાં સુધી આપણા રોગ, દુ:ખ, ને દારિદ્ર એ ત્રીપુટીથી આપણો છૂટકો કદી થવાનો જ નથી.

ઘણી વખત એવું જોવામાં આવે છે કે એક બાલકને નાનપણમાંથી તેનામાં બાપ–"તું શું કરી શકવાનો છું, તારામાં તો બે દાણા અક્કલ નથી–તદન નાલાયક છું," એવા વિચારો, તેના કુમળા મગજમાં રોપી દે છે–ને તે ઉપરાંત તેને કંઇ પણ કામ સ્વતંત્રપણે કરવા દેવામાં આવતું નથી. આથી બિચારો તે બાળક ટપકાની બીકે કંઇપણ કરતો નથી. તેનું મગજ નકામું થઇ જાય છે ને તેના મગજની શક્તિઓ વિકાસને પામતી નથી પણ તેજ બાળકને એકાદ કામ સ્વતંત્રપણે સોંપો, કદાચ ભુલ થાય તો ફીકર નહીં, બીજીવાર સુધરશે. તેને માત્ર ઉત્તેજન આપો. તેની અક્કલ ખરચવાનો "ચાન્સ" આપો ને તે બાળક આગળ ઉપર સારૂં કામ કરી શકશે પણ જ્યાં સ્વતંત્રતા મગજ શક્તિ ખિલવવાનો ચાન્સ કે ઉત્તેજનના કે દિલાસાના બે શબ્દોનાજ વાંધા ત્યાં તે બિચારૂં બાળક શું કરે વારૂં ?

શક્તિ, શાંતિ ને, સમૃદ્ધિ એ આપણા જન્મ સિદ્ધ હક છે, ને તે આપણા શક્તિમય–શાંતતામય–ને સમૃદ્ધિમય વિચારોથી આપણે મેળવવા જોઇએ. જેમ તમે તમારા રસોઇઆને રસોઇ બનાવવાનું ફરમાવો છો–ને તેવીજ રસોઇ તમારે માટે તૈયાર હોયછે, તેવીજ રીતે, આનંદ, સુખ, શાંતિ, સમૃદ્ધિ, આબાદિ,–તેમજ રોગ, દુ:ખ, દારિદ્ર, અશાંતિ પૈકી તમોને ગમતી કોઇ પણ ચીજ માટે તમે તમારા મનને હુકમ કરો, ને તેજ ચિજ તમારા માટે તૈયાર રહેશે. મનુષ્ય માત્રે પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરીને શક્તિ–શાંતિ–સમૃદ્ધિને આનંદ મેળવી વિજયી થવું જોઇએ– એવી સંર્વ સ્થળે વ્યવસ્થા હોય છે. રોગ દુ:ખ દારિદ્રને અશક્તિ આ આ બધાની માનસિક ગુલામગીરી આપણે હાથે કરીનેજ પત કરી છે–ને બાથમાં થાંભલો પકડી એક માણસ બુમ મારે કે " મને થાંભલો છોડતો નથી–" તેવીજ રીતે દુ:ખ મુક્ત થવાની બુમો પાડીએ છીએ પણ, ' હાથમાંનો થાંભલો મુકયા સિવાય કેમ કરી થાંભલાથી છુટાય ? '

પ્રત્યેક માણસ દૈવિવંશમાં ઉત્પન્ન થયો છે. શક્તિ સામર્થ્ય–જ્ઞાન–શાંતિ એ તેનો વંશ પરંપરાનો કીમતી વારસો છે. તે મેળવવાનો દરેક ને હક્ક છે. પછી મેળવવો કે ગુમાવવો એ તેના નસીબપર નહી

આ ઉપરથી સમજાયું હશે કે વિચારોનું આરોગ્યપર કેટલું બધું મજબુત પરિણામ થાય છે ! સંકલ્પ બળથી કંઇ પણ અસાધ્ય નથી !

પ્રત્યેક મનુષ્યમાં રહેલો, અપ્રતિહત સ્વતંત્ર તેજવંત સામર્થ્યવંત અનુભવવા યોગ્ય ' આત્મા ' એવો બળવાન્ છે કે, તે પરમાત્માની બરોબરી કરી શકે ને જો તે પરિપૂર્ણ પણે ઓળખવામાં આવે, ધ્યાન કરવામાં આવે પૂજન કરવામાં આવે ને સાધન કરવામાં આવે તો ત્રીભૂવનનો આનંદ શાંતિ શક્તિ સમૃદ્ધિ ને સામર્થ્ય તેના પગ આગળ આવી પડેજ ને તે બધું શાથી થાય ? માત્ર આત્મામાં પૂર્ણ વિશ્વાસ, ને તે મેળવવાનો દૃઢ સંકલ્પ ને તે માટેની વિચારોની એકાગ્રતાથીજ.

વિચારોની શારીરિક આરોગ્ય પર કેટલી બધી અસર થાય છે, એ જાણ્યા પછી માનસ શાસ્ત્રની ઉપયોગિતા સમજાય છે ને સંકલ્પ બળની સિદ્ધિ સમજાયા બાદ ' આત્મા ' માં વિશ્વાસ બેસે છે.

આ બેઉ ચીજો પ્રત્યેકને પ્રાપ્ત થાઓ એવી શુભેચ્છા સાથે વિરમુ છું—

શાંતિ ! શાંતિ ! ! શાંતિ ! ! !

संसार भावना.

(લેખક—મુળચંદ આશારામ વૈરાટી અમદાવાદ.)

(સાર્દુલ વિક્રીડિત વૃતમ્)

તિર્યંચાદિ નિગોદ નારકીતણી જે યોનિયોની રહ્યા,
જીવે દુઃખ અનેક દુર્ગતિ તણાં કર્મપ્રભાવે લહ્યાં.
યા સંયોગ વિયોગ બહુધા યા જન્મ જન્મે દુઃખી,
તે સંસાર અસાર જાણી ઇહવો જે એ તજે સો સુખી.

આ સંસાર સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળો મુસાફર સંસાર ભાવના એ આરૂઢ થતાં વિચારે છે કે.

શાસ્ત્રકારો મહારાજાઓ એ આ ચતુર્ગતિ નાટકને ચાર અંકમાં (વીભાગમાં) વહેંચી નાંખ્યું છે. ૧. નારકી. ૨. તિર્યંચ ૩. મનુષ્ય. ૪. દેવલોક.

શાસ્ત્રકારોએએ આ નારકીના સંબંધમાં કરેલું વિવેચન પથ્થર હૃદયોને પણ પીગળાવી નાંખે તેવું છે. પ્રથમની ત્રણ નારકીના જીવો શીત વેદના અનુભવે છે અને પાછળની ચાર નારકીના જીવો ઉષ્ણ વેદના અનુભવે છે. પ્રથમની ત્રણ નારકીના જીવોની શીત વેદનાની ઠંડી આગળ ઉત્તર ધ્રુવની ઠંડી કંઇ હીસાબમાં નથી અને પાછળની ચાર નારકીના જીવોની ગરમી આગળ સહરાના રણનો તાપ કાંઇ હીસાબમાં નથી. તેનો કાંઇક ખ્યાલ લાવવાને શાસ્ત્રકારો કહે છે કે તે ઉષ્ણ વેદનાથી પીડાતા નારકીના જીવોને ઉપાડી ભર ઉનાળામાં ખેરના અંગારથી ચીકાર ભરેલી ખાઇમાં તેને સુવાડવામાં આવેતો તે જેમ મનુષ્ય કમળની સય્યામાં સુખે રહે તેમ ૭ માસ સુધી સુખે નિદ્રા કરે. તેમજ

આ નારકીમાં ઉડતી દુર્ગંધના એક સુક્ષ્મમાં સુક્ષ્મ ભાગથી આ નગરવાસી જનોનું મૃત્યુ થઇ જાય વળી તે દુઃખથી ભરેલી નારકીનો સ્પર્શ કરવતની ધારાથી પણ વધુ કર્કશ છે. આતો પ્રથમ ક્ષેત્ર વેદનાનું વિવેચન થયું.

બીજી પરમાધામીકૃત વેદના કે જેમાં દુઃખોનો પાર નથી. પરમાધામી દેવો જીવોને દુઃખ દેવામાંજ આનંદમાને છે. તેઓ તે જીવોને મારે છે, કાપે છે, ખાંડણીયામાં નાંખી ખાંડે છે, તપાવેલા લોખંડના સ્થંભો સાથ બઝાડે છે, કરવતોથી વેરે છે, જીભો ખેંચી કાઢે છે, શીશુ ઉકાળીને પાય છે વિગેરે ઘણી જાતના દુઃખો દેછે કે જેને વાંચતાં પણ કંપારી છુટે છે.

આ સિવાય બીજી અન્યોઅન્ય કૃત વેદના છે કે જેથી અગાઉના વેરભાવવાળા જીવો લડાઇ કપાઇ મરે છે અને એટલી તો કદર્થના પમાડે છે કે જેથી આખી નારકીમાં ભયંકર રડારોળ અને આક્રંદ થઇ રહે છે. આવો દુઃખોનો અંત કલાક બેકલાકમાં વરસ છ માસમાં દશ વીસ વરસમાં કે મનુષ્ય લોકની માફક સો પચાસ વર્ષ જીંદગીની પૂર્ણાહુતી થતાં આવતો નથી પરંતુ નારકીના જીવોનું આયુષ્ય તો સાગરોપમથી મપાય છે. અસંખ્યાત વર્ષોનું એક પલ્યોપમ અને દશ કોટાકોટી પલ્યોપમનું એક સાગરોપમ થાય છે. પલ્યોપમના કાળનો પણ ખ્યાલ આવવો મુસ્કેલ છે તો પછી સાગરોપમના કાળ તરફ તો નજર પણ શી રીતે ફરી વળે.

બીજો તિર્યંચ અંક,

નિગોદ પ્રવેશમાં પૃથ્વી પણે ઉત્પન્ન થએલ જીવને હલાદીકથી ખેડાવે ખોદાવે કરીને પાણીથી ભીંજવે કરીને અગ્નીવડે દહન થવે કરીને અનેક વેદનાઓ વેઠવી પડે છે.

વાયુ પણે ઉત્પન્ન થએલ જીવોને ઠંડી, ગરમી વીગેરેના સંયોગો વડે કરીને પવન હલાવનારા સાધનોવડે કરીને અનેક દુઃખો ખમવા પડે છે.

પાણીપણે ઉત્પન્ન થઇને તૃષાવાનના પીવા વડે કરીને અગ્નીવડે ઉકાળવા વડે કરી સુર્યના તાપ વડે સોસાવાવડે કરીને તેમજ વરાળ ઉત્પન્ન કરાવા વડે કરીને અનેક દુઃખો સહન કરવાં પડે છે, તેમજ અગ્નીના જીવોને પાણીથી છંટાવા વડે કરીને અનેક દુઃખો સહન કરવાં પડે છે.

વનસ્પતીના જીવોને પણ કપાવા, છુંદાવા, પીળાવા, છોલાવા, અગ્નીથી પકાવવા દાવાનળ આદીથી બળાવા વિગેરે અનેક દુઃખો સહન કરવાં પડે છે.

બે ઇંદ્રિય, ત્રિ ઇંદ્રિય ચૌરેંદ્રિય વિગેરે વિકલેંદ્રિય જીવોને પણ ભય અને ત્રાસના પારનથી તેમજ ચગાદાવવા અથડાવા, કુટાવા, ફેંકાવા વીગેરે કરી અનેક દુઃખો સહન કરવાં પડે છે.

પંચેંદ્રિય જીવોને નીરંતર બંધનથી, ભાર વહન કરવા વડે કરીને, માર, ભુખ, તરસ, ભય, રોગોવડે દુઃખી થવું, ગરમી, ઠંડી વિગેરે મુંગે મોઢે સહન કરવું પડે છે, પોતાની જાતી તરફનો ભય, પર જાતીનો ભય, જાતીનો ભય, નબળા બળદને જોરાવર બળદ મારે, ઉંદરને બીલાડીનો ભય, નાક, કાન વીગેરે અંગો છેદાવાનો ભય હદ ઉપરાંત ભારભરવામાં આવે, સખત તાપમાં ચાલવું પડે, ભુખ, તરસ વિગેરે મુંગા મોઢે સહન કરવું પડે અને અનેક પ્રકારનાં દુઃખો સહન કરવાં પડે છે

ત્રીજો મનુષ્ય અંક.

મનુષ્યપણાનાં દુઃખોનું વર્ણન કરતાં શાસ્ત્રકાર મહારાજાઓ મનુષ્યોના સાત ભય બતાવે છે. ૧. આલોકનો ભય. ૩. આદાન ભય (પોતાની વસ્તુ ચોરાવાનો ભય) ૪. ભરણ પોષણનો ભય, ૫. મરણ ભય. ૬ અકસ્માત ભય. ૭. અપકિર્તિ ભય. આ સાત ભયથી ભરેલી મનુષ્ય જીંદગી પણ દુઃખથી ભરેલી છે.

આ સિવાય, રાજ્યના ભયથી અને શેઠના ભયથી પણ જીંદગી સુખે ગુજરી શકાતી નથી. વિશેષમાં મુર્ખ સ્ત્રી સાથે કલહકારી સંસાર ચલાવવો, પુત્ર પ્રાપ્તીના અભાવે દુઃખી થવું. પુત્ર પ્રાપ્તી છતાં કુલાંગારથી દુઃખી થવું. વિચિત્ર સંજોગોમાં વણ દ્રવ્યાર્થે. પરદેશ રખડવું. તપાવેલી લોઢાની સોયોને સમગ્ર રોમરાયમાં પરોવતાં જે દુઃખ થાય તેનાથી આઠ ઘણું દુઃખ ગર્ભાવાસમાં છે. બાળ પણામાં મળ મુત્રમાં વિના આનાકાનીએ પડયા રહેવું. ક્રોધી માતાપિતાનો માર મુંગે મોઢે સહન કરવા, યોવન અવસ્થા વિષયાંધ બની દુઃખમય ગુજારવી, વૃદ્ધાવસ્થા પુત્ર અને પુત્ર વધુઓને આધીન ગુજારવી, શ્વાસ, લાળ અને ઇંદ્રીયોની સીથીલતાને અંગે દુઃખમય ગુજારવી.

બાલ્યાવસ્થા માતાનું મુખ જોવામાં, યુવાવસ્થા સ્ત્રીનું મુખ જોવામાં અને વૃદ્ધાવસ્થા પુત્રનું મુખ જોવામાં ગુજારનાર મનુષ્યોને સુખી શી રીતે કહી શકાય. જન્મ જરા અને મરણથી ઘેરાયલા આ સંસારમાં મનુષ્યોએ સુખની આશા રાખવી એ નકામી છે. ટુંકાણમાં ઇષ્ટ વસ્તુઓનો વિયોગ અને અનિષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ એજ આ સંસાર વલોણાનું માખણ છે.

ચોથો દેવગતી અંક.

વિના પ્રયોજને ઇંદ્રાદીકની સેવાચાકરી કરવી. પોતાથી વધારે બળવાન દેવો પોતાની સ્ત્રીને ઉપાડી જશે તેવા ભયથી દુઃખી થવું, પોતાથી વધારે રિદ્ધીવાન દેવોનું સુખ સહન નહી થઇ શકવું, દેવોનાં મરણ પહેલાં છમાસી અગાઉથી ફુલની માળાઓ કરમાવા માંડે છે. તે જોઇને જે વિલાપ અને આક્રંદ શરૂ થાય છે તે ન સહન થઇ શકે તેવું છે. અશુચીથી ભરેલા શરીરમાં નવ માસ સુધી ઉંધે મસ્તકે લટકવાનો ગર્ભાવાસનો દેખાવ નજર સન્મુખ ખડો થતાં માથાંકુટવા સાથે અતિશય કરૂણાજનક વિલાપ સરૂ થાય છે, આ જોતાં સુખની ઉંચી સ્થિતીએ પહોંચેલી દેવગતી પણ દુઃખથી ભરેલી છે.

હે ! પરનાટક ને નીહાળનાર ! સંસાર આશક્ત પંથી. આ ચતુર્ગતી નાટકશાળામાં કર્મરાય સુત્રધારે ભજવેલા આ સંસાર નાટકને નિહાળી જો કે તેના કયા પ્રદેશમાં આનંદની લહરીઓ આવે છે. જ્યાં આશ્રવદોરના પ્રભાવવડે રાગદ્વેષના વિચિત્ર રંગોથી રંગાએલા પડદાઓ ઘડીએ ઘડીએ પડયા કરે છે. જ્યાં માતા પ્રિયાપણે, પુત્ર પિતાપણે અને બેની માતા તરીકેના વેષો ભજવે જાય છે. જ્યાં મહારાજા ભીખારીના અને ભીખારી તવંગરના સ્વરૂપમાં બદલાઇ જાય છે તે સંસાર નાટકને જોનાર અને ભજવનાર મુસાફરો આ ચતુર્ગતી સંસારની વ્યાપકતા તરફ ધ્યાન આપવાની અગત્ય છે.

હે ! કદી નહી થાકેલ મુસાફર ! સમગ્ર લોકાકાશમાં એક વાળાગ્ર જેટલું સ્થળ પણ એવું નથી રાખ્યું કે જ્યાં તેં અનેક રૂપોને ધારણ કરી અનેક વેષો ભજવ્યા ન હોય.

આવી રીતે સંસારભાવનાનું સ્વરૂપ વિચારતાં અને આ બહોળા સંસારની વ્યાપકતા તરફ ધ્યાન આપતાં આ સંસારભાવનાની શ્રેણીએ ચઢેલો પંથી વિચાર કરે છે કે આ

ખમા પોકરાવનાર હજારો દાસ દાસીઓ કયાં ગઇ, પુત્ર વલ્લભ પિતાનો વાસો કયા દેશે થયો, આજ્ઞાંકિત પ્રીયા કયા વિદેશે વીચર્યા, વાત્સલ્યથી ભરેલાં માતુશ્રી કઇ ગતીએ ગયાં, આ બધુ વિચારતાં સ્વતઃ વિચાર ઉત્પન્ન થાય છે કે આ અસાર સંસારમાં જીવ એકલોજ આવ્યો છે અને એકલોજ જવાનો છે એ વિચાર થતાંજ ચોથી એકત્વ ભાવના આવે છે અને એ ભાવનાની શ્રેણીએ આરૂઢ થએલો પંથી વિચાર કરે છે કે. અપૂર્ણ.

गुरुने वंदना.

(લેખક. ચુનીલાલ હુકમચંદ.)

ગઝલ.

નિજાનંદે રહેનારા, પ્રભુથી પ્યાર કરનારા;
હિતૈષિ સર્વ જીવોના, તમોને વંદના પ્યારા. ૧
ગુણાકર ગુણના સિન્ધુ, સહુ જીવોતણા બન્ધુ;
સદા સંવેગ ધરનારા, તમોને વંદના પ્યારા. ૨
જણાવી શ્રુતના અર્થો, કરી અજ્ઞાનને દૂરે;
અમલ સમકિત દેનારા, તમોને વંદના પ્યારા. ૩
જીવો પરની કરૂણાથી હૃદય દીસે સદા દ્રવતું;
દયામય ધર્મ ધરનારા, તમોને વંદના પ્યારા. ૪
નિરંતર સત્ય વાણીથી, જિનોદિત તત્વ કેનારા;
સુભાષી નિત્ય રહેનારા, તમોને વંદના પ્યારા. ૫
જગતની જાળ તોડીને, સગાનો સ્નેહ છોડીને;
વિરાગી થઇ રહેનારા, તમોને વંદના પ્યારા. ૬
તમે માતા તમે પીતા, તમે ભ્રાતા તમે ત્રાતા;
સુભાગી સત્ત્વ કરનારા, તમોને વંદના પ્યારા.

नूतन वर्षाभिनंदन.

હરિગીત.

ચુસ્ત રહી નિજ ધર્મમાં આનંદસહ સુખ ભોગવો,
નિજ ધર્મનો ઉત્કર્ષ કરવા, સંત પુરૂષો સેવજો;
લાભ અતિશય પામજો એકાન સસતિ સાલમાં,
કિર્તી ને કમળા સહિત રહેજો સદા આનંદમાં. ૧
હર્ષથી ઉત્કર્ષ કરજો દેશનો બહુ પ્રીતથી.
કાર્યો રૂડાં અતિશય કરો ઉલ્લાસમય નિજ વીર્યથી;
ભાગ્યશાળી પુત્ર ભારતવર્ષના સાથે મળી,
ઈશ્વરતણી સ્તુતિ કરો રહીએ સદાએ હળીમળી. ૨

स्वच्छता.

(લેખક. શેઠ જેશીંગભાઇ પ્રેમાભાઇ. કપડવણજ.)

સ્વચ્છતા ધારણ કરવા યોગ્ય છે અને કંટાળો તજવા યોગ્ય છે. સ્વચ્છતા હીતકર છે. કંટાળો બળનો ક્ષય કરવાવાળોછે. સ્વચ્છતા સંબંધીને સુખ, આનંદ અર્પે છે અને કંટાળો સંબંધીને કાયરપણું અથવા ત્રાસ ઉપજાવે છે. સુઘડતા પ્રેમ તેમજ આકર્ષણ ઉપજાવે છે. સુગ અભાવને પ્રગટાવે છે. સ્વચ્છતાની મર્યાદાનું ઉલંઘન એ કંટાળો છે. સ્વચ્છતા એ નિયમિત છે અને કંટાળો એ અનિયમીત છે. " અતિ સર્વ વર્જતે. " એ નિયમ પ્રમાણે સુગ ત્યાગવા યોગ્ય છે.

જેને સુગ હોય છે તેને ભ્રાન્તીનો અંશ હોય છે અને તેથી બળનો ક્ષય થાય છે અને સ્વચ્છતા સત્વની વૃદ્ધિ કરે છે.

જરા જરામાં સાબુ લઇને હાથ ધોવા, કોઇના વસ્ત્રને અડકતાં હાથ ધોવો, કોઇના શરીરને અડકતાં હાથ ધોવો એથી કંઇ સ્વચ્છતા પ્રાપ્ત થઇ કહેવાય નહિ પણ તે તો ઉલટી સુગ ગણાય અને જેનામાં આવા પ્રકારની સુગ હોય તેનાથી અન્ય સર્વ મનુષ્યો કંટાળે છે. સ્વચ્છતાની જરૂર છે પણ તે મર્યાદામાં હોવી જોઇએ. અસ્વચ્છતા તજવી જોઇએ પણ તે ઉપર્યુક્ત પ્રકારમાંજ કંઈ અસ્વચ્છતા આવી જતી નથી. તેના અનેક પ્રકાર છે જેવા કે વસ્ત્ર મેલાં પહેરવાં, શરીર સાફ ન રાખવું, દાંત સાફ ન રાખવા વિગેરે તે પણ વ્યવહારીક બાબત છે, બાકી તો સ્વચ્છતા કંઇ ખરી તે લેખના છેડે સમજાશે. ઉપર્યુક્ત સુગવાળા મનુષ્યને તો તે ગુણથી અત્યંત હાની થાય તેમ છે માટે તે વર્જવું જોઇએજ. વસ્ત્રાદિ તેમજ અન્યના તરફ સુગ ન રાખવી પણ તેના ગુણજ જોવા જોઇએ, બાકી બહુ સુગ રાખવાથી અત્યંત નુકશાન થશે, બળનો ક્ષય થશે, મન મલીનતાને ધારણ કરશે અને તેનાં ફળ આપણનેજ ભોગવવાં પડશે.

મીથ્યા સુગને સેવીને કયો બુદ્ધિવાન પોતાના બળનો ભોગ આપવા તત્પર થશે?

સુગ શું શું પ્રગટાવે છે ? શંકા, ભય, શોક, ચિંતા, ત્રાસ, અણગમો, વ્હેમ આદિને પ્રગટ કરે છે.

સર્વત્ર શુભ દર્શનમાં, આત્માની પ્રતિતિમાં, સર્વત્ર નીર્મલ વૃત્તિનો ઉદય કરવામાં આસુગ મહા વિઘ્નકારી છે. જ્યાં પરમ શુદ્ધ ચૈતન્ય તત્ત્વ વિના ત્રીકાળ અન્ય કોઇપણ તત્ત્વનો પ્રકાશ નથી એ ભાવનાને પોષનાર મનુષ્યને આવી સુગ તે ભાવને ઉત્પન થવા દેતી નથી. તેથી તજવા યોગ્ય છે, મનુષ્યને અજ્ઞાનજ જ્યાં ત્યાં મલીનતા દેખાડે છે. તે અજ્ઞાનનીવૃત્તિ જ્યાં ત્યાં મલીનતા જોઇ સુગને ધારણ કરવાથી થતી નથી પણ શુદ્ધિને જોવાથીજ થાય છે માટે મલીન તે મલીન રૂપે જોઇ કંટાળો નહિ પણ તેને શુદ્ધ રૂપે જોવા પ્રયત્ન કરો.

વ્યવહારને સાધતા હોવાથી શુદ્ધિ અશુદ્ધિનો વિવેક રાખો પણ કેસરીયાજીની પેઠે ભડકીને ભાગ ભાગ ન કરો. વિવેક પુર્વક વિચાર કરો કે તેવાં હાની છેક કેમ ? જે હાની કારક લાગે તેને તજી દો અને ઠીક લાગે તેને ગ્રહણ કરો. વળી વિચારો કે તેથી અસ્વચ્છતા પ્રાપ્ત થાય તેમ છે કે કેમ અને જો અસ્વચ્છતા પ્રાપ્ત થાય તેમ હોયતો તેને વાસ્તે

યોગ્ય ઉપાય કરો પણ સુગ રાખી ભાગતા ન ફરો. શુદ્ધિરૂપ જોવાથીજ મનુષ્યને લાભ છે. વ્યવહારમાં ભલે શુદ્ધિ અશુદ્ધિનો વિવેક રાખો પરંતુ અંતઃકરણમાં કોઇ પણ વસ્તુ તરફ ધીક્કાર ન દર્શાવો. સ્થુલ દ્રષ્ટિથી અમુક અશુદ્ધ છે પણ વાસ્તવીક રીતે અશુદ્ધ હોતુ નથી. અશુદ્ધમાં પણ શુદ્ધતાનો કંઇ અંશ હોય છે. આમ છે તો કચરાની સાથે રત્નને કાઢી નાખવા કયો મૂર્ખ પ્રયત્ન કરશે માટે તેની સાથે સંબંધવાળા થઇ સુખને અનુભવો.

કાંટાવાળા ઝાડ ઉપરના ગુલાબને કોઇ ફેંકી દે છે? કાદવમાં ઉગેલ કમળનો શું ઉપયોગ નથી થતો! કોયલાની ખાણમાંથી નીકળતા હીરાને શું તજી દેવાયછે? શુદ્ધ ભાગને ગ્રહણ કરવો, શુદ્ધ ભાગને અશુદ્ધ ભાગમાંથી શોધવા રૂપ હંસ દ્રષ્ટિ ધારણ કરો.

મન વડે શુદ્ધિનુંજ નિરક્ષણ કરો. શુદ્ધિનુંજ ચિંતન કરો. અશુદ્ધિ દ્રષ્ટિએ આવતાં તે-માંથી શુદ્ધિને જોઇ આકર્ષી શેષ રહેલ અશુદ્ધિને કાઢી નાખો.

પદાર્થોની સુગને તજો, તેજ પ્રમાણે મનુષ્યોના અંતઃકરણની સ્વભાવ વિગેરેની સુગને તજો. પાપી અધર્મીને જોઇ દુર ન નાશો કે તેના તરફ ધીક્કારનો વરસાદ ન વરસાવો પણ તેનામાં રહેલ શુદ્ધ તત્ત્વને નીહાળો.

મનુષ્યતું અંતઃકરણ દોષવાળુ જોઇ તેના તરફ દયા તથા પ્રેમ પ્રકટાવો અને બને તે પ્રકારે તેને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરો પણ તેના તરફ સુગ રાખી તેને નિંદો નહિ. આ પ્ર-માણે પદાર્થો અને અંતઃકરણો શુદ્ધ રૂપે જુઓ. ચીડીઆ, ક્રોધી, વિષયી, લોભી, શોકવાળા, દરિદ્રી કે અસત્ય સ્વભાવ વાળાને જોઇ તેના પ્રત્યે સુગ કે ધીક્કારને ન પ્રગટાવો પણ તેના તરફ પ્રેમભાવ રાખી તેને શુદ્ધિ તત્ત્વવાળો કરવા પ્રયત્ન સેવો આતુ નામજ સ્વચ્છતા છે.

અંતરથી સર્વત્ર શુદ્ધિ અને નિર્મળતાને જોતાં પરમાત્માના ગુણોનેજ ગ્રહણ કરો અને પરમ તત્ત્વને પ્રાપ્ત કરો.

ૐ શાંતિ શાંતિ.

સાધ્વીઓની ઉન્નતિ સંબંધી બે બોલ.

(લેખક. સાધ્વીજી શિવશ્રીજી. અમદાવાદ—પાંજરાપોળ.)

મહાપ્રભુ શ્રી અરિહંત પરમાત્માએ જૈન શાસનનો વિજય કરવા, તેને પ્રવાહની પેઠે પસાર કરવા ચતુર્વિધ સંઘની એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા વર્ગની તીર્થને નામે સ્થાપના કરેલી છે. વળી શ્રાવક શ્રાવિકા તેમજ દુનિયાના અન્ય જીવોનું ભલું કરવા, તેમની ઐહિક જીંદગીનું (આ ભવનું) આત્મ કલ્યાણ કરી પાર લૌકિક જીંદગીનું (પર ભવનું) ભલુ કરવા, તેમજ ધર્મનું શાસન ચલાવવા સાધુ સાધ્વીઓની સ્થાપના કરેલી છે. સાધુ મહારાજાઓના શિર વિશેષે કરી મુખ્ય રીતે પુરૂષ વર્ગનું ને ગૌણ રીતે સ્ત્રી વર્ગનું તેમજ સાધ્વીજીઓના શીરે મુખ્ય રીતે સ્ત્રી વર્ગનું તેમજ ગૌણ રીતે પુરૂષ વર્ગનું ભલુ કરવાની ફરજ અદા થએલી છે. તેમજ શ્રાવક તેમ શ્રાવિકા વર્ગે સાધુ સાધ્વીઓને જૈન ધર્મના સિદ્ધાંતો ભણવા ગણવામાં મદત કરવી જોઇએ કે જેથી શાસનનો ઉદ્યોત થાય અને ધર્મની સારી પ્રભાવના થાય. હાલના વખતમાં આ-

ધ્વીજીઓ એ એક ઘણેભાગે ચર્ચાનો વિષય થઇ પડ્યો છે. કેટલાક સુધારાની હિમાયત કરનાર વર્ગ એવી દલીલ ગુજારે છે કે "સાધ્વીજી મહારાજે સ્ત્રી વર્ગની ઉન્નતિ કરવી જોઇએ, તેમના (સ્ત્રીઓના) આચાર વિચારો ઉપર ઉત્તમ ધર્મની છાપ પાડવી જોઇએ, તેમને તેમના ધર્મથી વાકેફ કરવી જોઇએ, તેમની ફરજો તેમને બતાવવી જોઇએ, તેમને ઉંચા પ્રકારનું ધર્મ તત્વનું જ્ઞાન આપવું જોઇએ, તેમને શુદ્ધ આર્ય માતાઓના સદ્ગુણના ભાજન કરવી જોઇએ, અર્થાત સ્ત્રી વર્ગની ધાર્મિક રીતે ઉન્નતિ કરવી જોઇએ કારણકે સ્ત્રીઓ ભવિષ્યમાં પુત્રની માતા થવાની છે, તેમના આચાર વિચારને જ્ઞાનનો વારસો તેમની સંતતિને મળવાનો છે અને ઉત્તમ સંતતિ એજ દેશની દોલત છે. જો સ્ત્રીઓ કેળવાયલી હશે તો તેનાં તનુજો બહાદુર નરવીર અને સિંહલંકા નિવડશે અને જો મૂર્ખ અજ્ઞાની હશે તો તેનાં સંતાનો, બાયલાં, નાકૌવતવાન અને પાણી વિનાનાં થશે માટે સાધ્વીજીઓએ અત્યારે ધાર્મિક આચારો અને વિચારોનો કટીબદ્ધ થઇને ઉપદેશ દેવો જોઇએ, જમાનાનુસાર ધર્મની ઉન્નતિ થાય તેવી રીતે વર્તવું જોઇએ, બહાર દેશ દેશાવરો તેમજ અન્ય ધર્મોની પ્રગતિ નિહાળવી જોઇએ." આવી રીતની તેમની દલીલને ધાર્મિક સદાચારો અને વિચારોની અપેક્ષાએ હું સારી ગણું છું અને શ્રાવિકા વર્ગની ધાર્મિક રીતે ઉન્નતિ કરવી એ અમારો ધર્મ છે એમ હું સમજું છું. તેને હું સારી રીતે અનુમોદન આપું છું. અને જ્યારે તેમ થશે ત્યારેજ સંઘની ઉન્નતિ થશે અર્થાત્ શાસનનો વિજય થશે એમ મારૂં માનવું પણ છે! પરંતુ આ સ્થળે મારે જણાવવું જોઇએ કે સાધ્વીજીઓની જ્ઞાન વૃદ્ધિને માટે સંઘના અગ્ર ગણ્યોએ કાંઇ પગલાં ભર્યાં છે? તેના માટે કંઇ યોજના કે સગવડતા કરી છે? શ્રાવક શ્રાવિકાઓ ઘેર પંડિત કે માસ્તર રાખી શીખે પરંતુ કોઇએ સાધ્વીજી માટે એવા કોઇપણ સંગિન રૂપમાં યોજનાઓ કરી છે? કદાચ કંઇ કંઇ સ્થળે સગવડ હોય છે પરંતુ તે પણ એકડા વિનાના મીંડા જેવી અને તે પણ જવલેજ માલમ પડે છે. હવે સાધ્વીજીઓ પાસેથી જે તમો આશા રાખો તેમાં તમો કેટલા ફતેહમંદ નિકલો તેના સવાલનો નિર્ણય કરવાનો સવાલ હું વાચકવૃંદ સમક્ષ મુકું છું. કોઇપણ જ્ઞાન વિના તર્યું છે? કોઇપણ ઉન્નતિની પ્રગતિ જ્ઞાનના અભાવે થઇ શકે? કુવામાં હોય તો હવાડામાં આવે માટે પ્રથમ સાધ્વીજીઓને જ્ઞાન સંપાદન કરાવવાને વાસ્તે સગવડ થવાની જરૂર છે. જો તે ઉત્તમ પ્રકારે કરવામાં આવે તો સંઘની વિશેષ પ્રકારે ઉન્નતિ થવાનો સંભવ છે. સાધનવિના સાધ્ય થતું નથી માટે પ્રથમ સંઘના અગ્ર ગણ્યોએ એકત્ર મળી સાધ્વીજીઓની જ્ઞાન વૃદ્ધિને અર્થે યોજનાઓ કરવી જોઇએ, તેમને જ્ઞાનનો અભ્યાસ કરવામાં પૂર્ણ સહાય આપવી જોઇએ. કોઇપણ વસ્તુની ટીકા કરતાં પહેલાં તે ટીકાનાં કારણો તરફ દ્રષ્ટિ ફેરવવી જોઇએ. તેમનામાં જોઇએ તે પ્રમાણમાં હાલના જમાનામાં આગમોનું પરિપૂર્ણ જ્ઞાન નહિ હોવાથી ધારવા મુજબ તેમનાથી શ્રાવિકા વર્ગની ઉન્નતિ નહી થઇ શકતિ હોય તો તેમાં દોષ કોનો? પ્રથમ જ્ઞાનનું સાધન કરો અને તેનાં પરિણામે રૂડાં ફળ ચાખો માટે મારી આ દલીલ ઉપર સંઘના અગ્રગણ્યો, જેવા કે વિદ્વાન મુનિરાજો તથા શ્રાવકો લક્ષ ખેંચશે. હું હવે અમારી સાધ્વીજીઓને ઉદ્દેશીને કહું છું કે દરેક દરેક સાધ્વીજીએ એક બીજાની સાથે સંપસંપી હળીમળીને રહેવું જોઇએ અને જ્ઞાન ખીલવવું જોઇએ. મુખ્યત્વે કરીને દુનિયાની સમસ્ત સ્ત્રી વર્ગની ઉન્નતિની ફરજ તમારે શિર મુકાયલી છે માટે તમારે ઉચ્ચ પ્રકારનું જ્ઞાન ખીલવવું

જોઇએ, ધર્મના સુત્ર સિદ્ધાંતનું સરસ રીતે ગુરૂગમ પૂર્વક પઠન પાઠન કરવું જોઇએ, હવેનો જમાનો જ્ઞાનનો છે, આપણામાં થઇ ગએલી મહાન્ મહાન્ સાધ્વીજીઓના જ્ઞાન તરફ દૃષ્ટિ કરો. તેમના જીવનનો કાર્યક્રમ નિહાળો, તેમની સંઘની સેવા અને ચારિત્રની ઉત્તમતાનો ખ્યાલ કરો, આગળના વખતમાં સાધ્વીજીઓ જે જ્ઞાન સંપાદન કરતી હતી તેવું જ્ઞાન અત્યારે આપણા વર્ગમાં કોઇ ભાગ્યેજ ધરાવતું હશે એ આપણને ઘણું શરમભરેલું અને નીચું જોવડાવનારૂં છે માટે હવે તમો તમારી પ્રવૃત્તિ ફેરવો. આપણો વર્ગ જ્ઞાનમાં બહુ પછાત છે. જ્ઞાન વિના સારાસાર, ગ્રાહ્યાગ્રાહ્ય, હેય, જ્ઞેય અને ઉપાદેય શું છે તે કેમ પારખી શકાય ? માટે તમારો હમેશનો સિદ્ધાંત જ્ઞાન મેળવવાનોજ રાખો, તેનુંજ પરિશીલન કરો. કોઇપણ ખટપટમાં ન પડતાં જ્ઞાન જ્ઞાનને જ્ઞાન એજ તમારો મુદ્રા લેખ રાખો, તેમાંજ રક્ત રહો. દેશોદેશ વિચરી સર્વે જૈન બાનુઓને ધર્મનો ઉપદેશ આપો, તેમના આચાર વિચાર ઉપર તમારા ઉત્તમ જ્ઞાનની છાપ પાડો. તેમનો અત્યારનો અધમ રીતે ચાલતો ગૃહસ્થધર્મ સુધરે એવી રીતે ધર્મ શૈલીએ તેમને ઉપદેશદો, કંઇ એકળી જ્ઞાન વિનાની લુખી ક્રિયા કરાવવાથી તેમનો ઉદ્ધાર થવાનો નથી. તમો જાતે કેળવણી લો અને તેમને શુદ્ધ શ્રાવિકાઓ બનાવો. અન્ય ધર્મની સ્ત્રીઓ પોતાના ધર્મને માટે કેવો ભગીરથ પ્રયત્ન કરે છે તે તરફ તમારી નજર ફેરવો. એકલા ઉપાશ્રયમાં બનતી બીનાઓ તેમજ શ્રાવકોના ઘર ખટપટની પંચાતોમાં લક્ષ ન આપો. સૂત્રના અર્થનું ચિંતવન કરો. એકલા ગોખણપટ્ટીના જ્ઞાનથી આત્માનું યથાર્થ ભલું થવાનું નથી માટે સૂત્ર સિદ્ધાંત અર્થ સાથે વિચારો અને તેના અભ્યાસનો સત્કાર કરો, જેથી આપણે આપણા પોતાના આત્માનું ભલું કરી શકશું અને શ્રાવકો તથા શ્રાવિકાઓને તારી શકીશું, કોઇપણ પ્રકારે નિરૂદ્યમિ કે નકામી વાતો ન કરતાં સઘળો વખત જ્ઞાન પ્રાપ્તિના સાધન અર્થે ગાળો. વખતને ઓળખો. વખતની કિંમત ઘણી અમૂલ્ય છે માટે પ્રયત્ન શીલ થાઓ, જૈને કોમનો ઉદય કરો. મુનિરાજ **શ્રી બુદ્ધિસાગરજી**ના શબ્દોમાં કહીએ તોઃ—

> નથી નવરા જરા રહેવું, જગત સેવા બજાવાની.
> કરીને આત્મનું જ્ઞાનજ, બધાંની દૃષ્ટિ ખુલવવી.

માટે આપણા સાધ્વીવર્ગે હવે શાસનના વિજયમાં મચ્યા રહેવું જોઇએ. એક પળ પણ જીનરાજની ભક્તિ વિના ન જવી જોઇએ. આપણા સાધક વર્ગનું—ઉપાસક વર્ગનું તેમજ આપણા આત્માનું સાર્થક કરવાની આપણને આ ઉત્તમ તક મળી છે તે આપણે ગુમાવવી જોઇતી નથી. ત્યાગનું ખરૂં કારણ સમજી આત્મતત્વનું રહસ્ય સમજી સમાધિ સુખના ભોક્તા થવું એને પરમાત્મ પદ વરવા પ્રયત્ન સેવવો એજ આપનું અંતિમ અને મુખ્ય સાધ્યબિંદુ હોવું જોઇએ. આપણો ત્યાગ તે આપણા અને સમસ્ત દુનિયાના ભલા માટેજ હોવો જોઇએ નહિં કે પરપંચાત કે અમુક સંસારી જીવોની ખટપટોને માટે તે નિર્મિત હોવો જોઇએ. ત્યાગના માર્ગમાં રહીને જગતનું કલ્યાણ કરવા દૃષ્ટિ દેવી જોઇએ. શાસન રક્ષિકાઓ, આપણામાં જો કંઇ પણ અહંતાનો, મમતાનો, મોટાઇનો છાંટો હોય તો તે આપણે સત્વર દુર કરવો જોઇએ. ચારિત્ર માર્ગનું સારી રીતે પરિશીલન કરી શાસનનો વિજય કરવો જોઇએ. આપણો ત્યાગ તે આપણો રત્ન ચિંતામણિ તુલ્ય જૈનધર્મ દિપા-

પળ કરવા માટે છે માટે મારી ઉપરની દલીલ ઉપર સર્વે સાધ્વીજીઓનું લક્ષ્ય ખેચું છું અને સંઘના અગ્રગણ્ય એવા આચાર્યો સાધુઓને વિનંતિ કરૂંછું કે સાધ્વીઓને ભણવા માટે પાઠશાલા વગેરે વ્યવસ્થા માટે ઉપદેશ દો અને સાધ્વીઓને ભણવા માટે અમદાવાદ, સુરત, પાલીતાણા પાટણ વગેરે સ્થળે પાઠશાળાઓ સ્થાપો. શ્રાવિકાઓનો ખરો સુધારો સાધ્વીઓના હાથે થવાનો છે. સાધ્વીઓને ભણાવવા માટે પાઠશાળાઓની યોજના કરો. શ્રાવકો અને શ્રાવિકાઓ આ બાબતપર વિચાર ચલાવશે અને સાધ્વીઓની ઉન્નતિ માટે પોતાનાથી બનતું કરશે એટલું કહી હું વિરમું છું.

કામ કરવાની રીત.

આપણે જે કંઇ કરવાનું છે, તે મન દઇને કરવું.

કામ ગમે તેટલું ક્ષુલ્લક હોય, તોપણ એકવાર તે હાથમાં લીધું, પછી આપણાથી બને તેટલું કરીને તે પાર પાડવુંજ જોઇએ.

નિશ્કાળજીપણાથી કામ કરવાથી આપણા મનપર અનિષ્ટ પરિણામ થાય છે. કામ નિશ્કાળજીપણે કરવા કરતાં તો તે ન કરવુંજ બહેત્તર; નિષ્કાળજીપણાની ટેવ એકવાર પડી, કે પછી તે મનુષ્યનો ઉદય કદી પણ થવાનો નહીં.

કામ, પછી તે આપણું હો કે બીજાનું હો, ક્ષુલક હો કે અતિ મહત્વનું હો, પણ તે ઉત્તમ રીતે કરવું. કામ કરતાં, કામ કરવાની રીત આપણને વધુ મહત્વની છે. તે ધ્યાનમાં રાખો.

ન્હાનાં ન્હાનાં ઘરગતુ કામો, જેવાં કે ઘરમાં સ્વચ્છતા રાખવી, કપડાં લત્તાં વ્યવસ્થા સર રાખવાં, દરેક ચીજ તેના નિયમ સ્થળે રાખવી, આદિ કામો કાળજીપૂર્વક ને નિયમ સર કરે જવાં. મનુષ્યપર મોટા પ્રસંગ પડેજ તેની પરીક્ષા થાય છે તેમ નથી, એકાદ ક્ષુલ્લક કામ પરથી પણ તેની પરીક્ષા થાય છે.

કામગીરી બદલ લવાજમ બરાબર મળતું નથી; એટલાજ ઉપરથી તે મન દઇને ન કરવું એ ગાંડપણ કહેવાય. નિશ્કાળજીપણે કામકરનાર આપણું પોતાનું ભયંકર નુકશાન કરે છે.

પગારના પ્રમાણમાં કામ વધારે ઓછું કરવું, એના જેવું ભુલભરેલું કાર્ય બીજું નથી, મનુષ્યની યોગ્યતા તેના મળતા પગાર પર થતી નથી પણ તે કામ કરે છે તેના પર ગણાય છે. કામ કરવાનું તે આપણું કર્તવ્ય ગણીને કરવાનું છે ને તેથી આપણો ઉન્નતિનો માર્ગ સરળ થાય છે.

કેવળ પૈસાને જ ખાતર કામ કરનાર ગુલામની ગણત્રીમાં ગણવાલાયક છે, પણ કામ કરવાની પ્રીતિની ખાતર, અગર કર્તવ્ય સમજીને કામ કરનાર સ્વતંત્ર મનુષ્ય ઉદ્યોગ કરી, યશસ્વી થઇ શકે છે.

કામના સામે ન જોતાં તમારી ફરજ સામે જુવો, ને તેમાંજ તન મન સમર્પો ને તેથી પૂર્વે થઇ ગયેલા મહાન પુરૂષોનાં પગલાની નીશાનીઓ તમોને જડશેજ.

પાદરા તા. ૨૫-૯-૧૨. } ॐ શાંતિ !!!

નોકર લોકો માટે નિયમો.

લંડન શહેરના એક કારખાનામાં નોકર લોકો માટે નીચેના નિયમો છાપીને ચોઢવામાં આવ્યા હતા. તે હિંદુસ્તાનના લોકોના લક્ષ્યમાં લાવવા લાયક હોવાથી અત્રે આપ્યા છે.

ખોટું બોલશો નહિ ! જ્યારે ત્યારે પણ ખરી વાત અમારા જાણવામાં આવશેજ ત્યારે પછી આવી રીતે તમારૂ ને અમારૂ નુકશાન કરવામાં શો ફાયદો !

ચોરી કરશો નહિ ! જે મનુષ્ય બીજાની ચોરી કરે છે, તે આગળ ઉપર તમારી ચોરી કરતાં બીશે નહીં; એવા માણસને અમારા કારખાનામાં જગ્યા મળશે નહિં.

ઘડીયાળ તરફ જોશો નહિ ! કામ તરફ જુઓ, કેવળ કલાકો પુરા કરવા તરફ લક્ષ્ય રાખનારના ખિસા ભરાશે નહિ.જે દિવસની રાત્ર અને રાત્રિનો દીવસ કરશે તેનો ચહેરો આનંદિત રહેશે તેમ હમો કરશું. મહેનત માટે મન માનતો મોં બદલો તૈયાર છે.

તમારૂ પોતાનું કલ્યાણ કરવું હોય તો પ્રથમ હમારા કલ્યાણનો વિચાર કરો. તમારો પગાર વધારવો હોય તો, પ્રથમ હમારો નફો વધવો જોઇએ તે લક્ષમાં રાખો.

તમો રાત્રે શું કરો છો તે જોવાનું હમારૂં કામ નથી. પણ રાત્રીના ઉચ્છૃંખલપણાથી બીજે દિવસે કામની અવ્યવસ્થા થતાં અમોને થવાનું નુકશાન, ને તેથી તમોને જે નુકશાન થશે, તે અટકાવવાનું કામ તમારૂં હોવાથી, તમોને જવાબદાર ગણીશું.

કારખાનું તમારૂં છે, પણ તમો માત્ર હમારા છો. કારખાનાને થયેલું નુકશાન, તે તમારૂંજ નુકશાન સમજો, નહિતો તમારૂં નુકશાન કરવાનું હમો ચુકીશું નહિં.

બાલબચ્ચાંના બહાને પગાર વધારવાની તમારી અરજી કરતા પહેલાં બાલ બચ્ચાં વાળાં હમારાં ઘણાં બાળબચ્ચાંનો વિચાર કરવાનું ભુલશો નહીં.

તમારા વડે હમો—ને હમારા વડે તમો. એ નિયમ ફરજ બજાવતાં સુધીને માટેજ છે પછી નહિ.

ભ્રાતૃભાવ.

(લેખક. મુનિ બુદ્ધિવિજય. અમદાવાદ. લવારની પોળ.)

જ્યારે મનુષ્યોને **અહમ્પણું** એટલે હુંપદ લાગે છે ત્યારે તેઓ ન કરવાનું કરી બેસે છે, સ્હેજ કદાચ જો તેની લાગણીનો ધ્વંસ થાય છે તો પોતાના સ્હેજ નુકશાન બદલ સામાની હવેલી બાળવાનો વિચાર કરવામાં તલ્લીન થાય છે. " વર મરો કે કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો " એની પેઠે પોતાનું માનભંગ થાય તેના લીધે સામાનું હરેક પ્રકારે અનિષ્ટ તકાસે છે. આવી હુંપદપણાની માણસને ધુન લાગે છે ત્યારે તેનું અનર્થના રૂપમાં પરિણામ આપણે અનુભવીએ છીએ, માટે આવું હુંપદ ટાળવાને માટે દરેક ભ્રાતૃભાવનો ગુણ ખીલવવાની જરૂર છે, કારણ કે ભ્રાતૃભાવ ખીલ્યાથી દરેક જીવોને સ્વાત્મ સમાન પેખવાનું મન થાય છે. કોઈની પણ સાથે કોઈ જાતના વૈર વિરોધ યા અદેખાઇની લાગણી ઉપસ્થિત થવાનું સ્થાન મળતું નથી અને સદા સુલેહ શાંતિમાં જેથી દિવસો પસાર થાય છે. અસુયા, ક્લેશ, વિગેરેનું આચ્છાદન થવાથી સાત્વિક ગુણોનું પ્રગટીકરણ થાય છે.

આત્મસ્વરૂપનું ભાન થાય છે, તેની રિદ્ધિનું આસ્વાદન થાય છે અને તેથી ઐહિક તેમ પારલૌકિક જીંદગીનું સાર્થક થાય છે માટે જો કોઇ પણ દિવસ અને કોઇ પણ સ્થળે મનુષ્યો સુખમાં જીવન નિર્ગમન કરવા ધારતા હોય તો તેમણે ભ્રાતૃભાવ ઉચ્ચ પ્રમાણમાં ખીલવવો જોઇએ. જો માર્ગ સુધો હોય તો રસ્તે ચાલતા દરેક પથિકને સુગમ પડે છે, પરંતુ વાંકોચુકો, ગલી કુંચીને કાંટા ઝડીઆ વાળો હોય તો તે વટિકને સુલભ પડતો નથી તેવીજ રીતે દરેક આદમીનું સાધ્યબિંદુ આ જીવન નૌકાને સંસાર સાગરથી કેમ પાર ઉતારવી એજ હોવું જોઇએ. હુંપદ, અદેખાઇ, સ્વાર્થ વૃત્તિ, ક્લેશ રૂપી ખરાબા સંસાર સાગર તરતાં નડે તો તેને ભ્રાતૃભાવરૂપી પ્રેમમંત્રે પાયમાલ કરવા જોઇએ અને જીવન નૌકાને સંસાર સાગરની પાર ઉતારવી જોઇએ. **आत्मवत् सर्वभूतेषु यः पश्यति सः पश्यति.** જે પોતાના આત્માની સમાન સર્વને જુએ છે તેજ ખરૂં જુએ છે. આ ઉમદા વાક્યની સમીપ લાવનાર ભ્રાતૃભાવ છે. ભ્રાતૃભાવ ખીલવનારે સ્વાર્થપરાયણ થવું જોઇએ નહિ કારણ કે જ્યાં સ્વાર્થનો અંધાર પછેડો થયો ત્યાં પછી આંધળા માણસને જેમ પ્રકાશ નકામો છે–નિરૂપયોગી છે તેમ તે ભ્રાતૃભાવને પીછાની શકતો નથી. અત્યારે ઘણો ભાગ સ્વાર્થ અને મતલબીઓ જોવામાં આવે છે. સ્વાર્થી માણસો હમેશાં નીચ, એકલ પેટીઆ, અને હલકા ગણાય છે, માટે સ્વાર્થપણું ત્યાગવું જોઇએ.

પાણી આપને પાય ભલું ભોજનતો દીજે,
આવી નમાવે શીશ દંડવત કોડે કીજે.

આવી રીતે જેનો ઉપકાર થયો હોય તેના પ્રતિફળમાં તેને દશઘણો ઉપકાર કરવો. ખરી સૌજન્યપણાની, દાક્ષિણ્યતાની, અને ઉમદાગુણોની તેવીજ વલણ હોવી જોઇએ.

વળી ભ્રાતૃભાવ ખીલવવામાં **સહનશીલતા** અને **ઉપકાર** બુદ્ધિ બહુજ જરૂરનાં છે. સંપ વધારવામાં યા પરસ્પર પ્રેમની સાંકળ જોડવામાં **સહનશીલતા**ની ખાસ જરૂર છે. કોઇ વખત કોઇ સર્વને ફાયદા કારક એવું ઇચ્છિત કાર્ય સાથે મળી ઉપાડયું તેમાં વખતે કોઈ ખંદાઇ કે લુચ્ચાઇ કરે તો તે વખતે તેના સામું અલક્ષ્ય કરી ઇચ્છિત કાર્ય પુરૂં કરવા પ્રતિજ લક્ષ્ય પરોવવું, નહીં તો પછી ફલાણાએ કર્યું ને ફલાણાએ ન કર્યું એવી ન્યાય અન્યાયની ભાંજગડમાં " બે બીલાડીઓને વાંદરાની જેમ " બનવા પ્રસંગ આવે. માટે કદાચ કોઇ અંદર કૃતઘ્ની નિવડે તો તેના ઉપર ઉપકાર દ્રષ્ટિથી જોવું અને તેના બદલ જે કંઇ વધુ બોજો પડે તે ઉપાડવો એજ ખરી સહનશીલતા છે. સંપ કરવામાં સહનશીલતાનો ગુણ અગત્યનો ભાગ ભજવે છે. અત્યારે આપણે જોઇશું તો આપણને જણાશે કે આપણામાં જે અશાંતિનું વાદળ છવાઇ રહ્યું છે, સૌ સરખી બ્હેલમાં બેસવા જાય છે, પૈસાનું પૂર્ણજોસમાં પાણી થાય છે, જ્ઞાનની તેમજ જ્ઞાનીની કિંમત અંકાતી નથી, કર્તવ્યની બુજ નથી **शठं प्रति शाठ्यं कुर्यात्** એ અમુક વ્યક્તિયોને મુદ્રાલેખ લાગે છે. આમ થવાનું કારણ શું ? મને તો તે સહનશીલતાના ગુણની ખામી સિવાય બીજું કંઇ લાગતું નથી કારણકે સહનશીલતા હોય છે તોજ મોટું મન રહે છે, અને ગુન્હાની ક્ષમા અપાય છે. ક્ષમાગુણને જો કોઇ પણ ખીલવનાર વસ્તુ હોય તો તે સહનશીલતાનોજ ગુણ છે. આ ગુણની આધુનિક સમયમાં ઘણીજ ખામી છે. ક્ષમા એજ વીર પુરૂષોનું ભૂષણ છે,

આ ગુણ ખીલવાથી સંપ વધી શકે છે એટલુંજ નહિ પરંતુ મનુષ્ય તેથી કરી ઘણી વખત સાહસ કરતાં બચે છે, કોઇએ કંઇ મન દુઃખાય એવું કર્યું કે કહ્યું કે કરાવ્યું કે કોઇને કંઇ કરતાં દેખ્યું, કે તરત માણસનો પિત્તો ઉછળી જાય છે અને ન કરવાનું કાર્ય સાહસ બુદ્ધિથી દોરાઇ કરી દે છે અને તેથી કરી તેને પશ્ચાતાપને શરણ થવું પડે છે ને નુકશાનના ખાડામાં ઉતરવું પડે છે પરંતુ જો તેને પોતાની અંદર સહનશીલતાનો ગુણ ખીલવ્યો હોય તો તે એકદમ પોતાના તુરંગ ને સત્કાર ન આપતાં તે સંબંધી થોડો વખત વિચાર કરવાની તક લેવી ને પછી કાર્યને ઉચિત કરવું હોય તે કરવું. આવી રીતે સાહસપણાને ત્યજવાને પણ સહનશીલતાનો ગુણ ધારણ કરવા યોગ્ય છે. સાહસ કરવાથી પ્રેમભાવ,—મૈત્રી ભાવ,-ભ્રાતૃભાવ તુટે છે એ જગ પ્રસિદ્ધ વાત છે. સાહસ માટે કવીશ્વર દલપતરામ કહે છે કે;

સાહસ કામ કર્યાં થકી હોય હર્ષનો નાશ

માટે અયોગ્ય સાહસનો ત્યાગ કરવાને સહન શીલતાનો ગુણ ખીલવવો જોઇએ.

વળી સહનશીલતાનો ગુણ ખીલવવાથી ક્રોધપર જય મેળવી શકાય છે. ક્રોધ એ એવી વસ્તુ છે કે જેમ દાવાનળ થવાથી સઘળું વન બળી જાય છે તેમજ માણસોને ક્રોધ થવાથી તેની સઘળી આત્મસંપત્તિઓ નાશ પામે છે અને પ્રીતિ ઉપર પાણી ફેરવે છે. આત્મસંપત્તિઓ શાંતિના ગુણથી ખીલે છે અને ક્રોધથી બળે છે તેથી કરી શરીર પણ ધીકતું ને ધીકતું રહે છે કારણ કે ક્રોધ ઉષ્ણતાને ભજે છે અને જ્યાં ઉષ્ણતા હોય ત્યાં શીતલતાનો છાંટો પણ ક્યાંથી સંભવી શકે. જ્યાં શીતલતા ના હોય, ચિત્ત સદાય રખડતું હોય તો તેવા મનુષ્યના પ્રસંગમાં આવનાર અન્ય મનુષ્યને ક્યાંથી શાંતિ મળી શકે, માટે ક્રોધનો જય કરવામાં ને ભ્રાતૃભાવની વૃદ્ધિ કરવામાં સહનશીલતાનો ગુણ ખીલવવો જોઇએ. **ગમ ખાવાથી** સહનશીલતાના ગુણની પ્રાપ્તિ થાય છે. ગમ ખાવાને માટે શાસ્ત્રકારે વણિક બુદ્ધિને પ્રાધાન્યપદ આપ્યું છે. તેના માટે સાધારણ નિચે મુજબ ઉક્તિ છે.

આગળ બુદ્ધિ વાણીઓ, પાછળ બુદ્ધિ બ્રહ્મ,
તરત બુદ્ધિ તરકડો તે ગોદો મારે ગમ.

ગમ ખાવી એટલે કોઇપણ અનિશ્ચિત કાર્યારંભે વસ્તુનો આઘાત થતાં એકદમ તેને અમલમાં મુકવા કોશીશ ન કરવી પરંતુ તે ઉપર દીર્ઘદ્રષ્ટિથી વિચાર કરી તેનો અમલ કરવો તેને ગમ ખાવી કહે છે. ગમ ખાવામાં ઘણોજ ફાયદો છે. વખતે તેમાંથી ન ધારેલો લાભ પણ મળે છે. માટે કોઇ વખત કોઇપણ લાગણીનો આઘાત થતાં તાક્ષણે તેના ઉપાય ન યોજતાં તેના ઉપર વિચાર કરવો અને તે જો સમજશક્તિમાં ન આવે તેમ હોય તો અન્યસુજ્ઞ અને વિદ્વાનની સલાહ લેઇ તત્ મુજબ અમલ કરવો. આમ કરવાથી ભુલને પાત્ર થતાં અટકીજવાય છે. આપણામાં સાધારણ કહેવત છે કે અણી ચુકયો સો વર્ષ જીવે. આમાં કેટલો બધો ગૂઢાર્થ છે તે તો તેના ઉપર વિચાર કરનારને કે તેનો અનુભવ કરનારને સારી રીતે પરખાય એમ છે. દરેક ગમગીનીના પ્રસંગમાં કે અકસ્માતના પ્રસંગમાં ગમ ખાવાની ટેવ પાડવી જેથી વખતે ભ્રાતૃભાવમાં વિક્ષેપ થાય નહિ.

વળી ઉપકાર કરવાથી, દાન દેવાથી પણ ભ્રાતૃભાવ વધી શકે છે. એક કુતરો પણ જો

મનુષ્ય ઉપર ઊપકાર કરનારને તો તેનું કેમ ફળ ન મળે ? અલબત આ સ્થળે એટલું કહેવું ઉચિત છે કે કદાચ કોઇ કૃતઘ્ની માણસ હોય તો ઉપકારના બદલે અપકાર કરે પણ તેથી ઉપકાર કરનારે તો તે બાબત અલક્ષ્યજ કરવું અને પોતાની ઉપકાર વૃત્તિમાં કોઈપણ જાતનો અટકાવ કરવો નહિ કારણ કે જેમ ખેતરમાં નાંખેલા દાણા ઉગી નીકળે છે તેમજ સુકૃત્યોનાં ફળ કેટલીક વખત દ્રશ્યરૂપે તેના પ્રતિફળમાં નથી માલમ પડતાં એમ લાગે છે પરંતુ ઉપકાર કરનારે નિષ્કામ બુદ્ધિથીજ ઉપકાર કરવો જોઇએ અને જેના ઉપર ઉપકાર થાય છે તેણે હમેશાં હું મારા ઉપકારીનો બદલો કયારે વાળું એવી ઉચ્ચ ભાવના રાખવી જોઇએ. આથીજ કરી ઉભયનું એટલે ઉપકારી અને જેના ઉપર ઉપકાર થયો હોય તેનું અન્યોન્ય ભલું થાય છે. ઉપકાર એ સંપવૃદ્ધિમાં ઘણોજ અગત્યનો ભાગ ભજવે છે માટે ભ્રાતૃભાવ ખીલવનારે હંમેશાં ઉપકાર કરવાની વૃત્તિ રાખવી.

ઉપર મુજબ ભ્રાતૃભાવ વધારવાનાં ઘણાં કારણો છે. જો કોઇપણ કોમનું કે દેશનું ભલું ઇચ્છવા માગતા હો તો એક બીજાની સાથે ભ્રાતૃભાવજ ખીલવો. બંધુઓ ! તેથીજ આપણું કલ્યાણ થવાનું છે. ભ્રાતૃભાવના સંબંધમાં નીચેની ઉક્તિ ઘણીજ પ્રસસ્ય છે.

અમોને તમો સમા જાતિ અમોને તમો સમાજાતિ,
પશુપંખી અમારાં છે, અમારાં તે તમારાં છે;
નહિ કો કોઇનું વૈરી, નહીં કો કોઇનું ઝેરી,
સહુ જીવ મિત્ર મારા છે મમત્વ ભાવ વિસાર્યા છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી.

આવી રીતે જ્યારે દુનિયાના સર્વે જીવો ઉપર ભ્રાતૃભાવ ખીલશે, મારા તારાના ભેદને દેશવટો મળશે, સ્વાર્થવૃત્તિની સંકોચતા થશે, સહનશીલતા, પરોપકાર, દયા વૃત્તિનું પ્રાધાન્ય થશે ત્યારેજ આપોઆપ સર્વે જીવો પ્રેમની સાંકળમાં જોડાશે. માટે જેમ બને તેમ ઉપરના સદ્‌ગુણો ખીલવવાની દરેક બંધુઓએ કોશિશ કરવી જોઇએ. અમારા પવિત્ર મુનિરાજાઓને જો પહેલું કોઇપણ કામ કરવાનું હોય તો તે આજ છે. ઘરના થાંભલા મજબુત હશે તો ઇમારત સારીરીતે ટકીશકશે પરંતુ પાંચ થાંભલામાં બે સડી ગએલા હશે તો ઇમારતનો આવરદા થોડો થસે તેમ સંઘના તમામ સ્તંભ રૂપ અગ્રગણ્યોમાં સંપ કરાવવાની કોશિશ કરો અને તેમને અરસપરસ પ્રેમની સાંકળમાં જોડો. મૈત્રીભાવ થયા વિના કોઇ પણ દેશ સમાજનું ભલું થયું કોઇ દિવસ સાંભળ્યું છે ? અરે સાંભળ્યું તો નહિ પણ તેનો રણકારો માત્ર પણ કાને પડયો છે ? એવું કોઇ બતાવી શકશે ? હાથની પાંચ આંગળીઓ ભેગી થાય છે તો કોળીઆ કરી ખવાય છે પણ જો એક બીજી લાંબી ટુંકીના વાદમાં પડે તો ખાનારની શી દશા થાય તેનો તોલ કરવાનો વાંચક સમક્ષ સોંપું છું. અલબત તેમ કરવામાં મુશ્કેલીઓ પડશે એ ઉઘાડું છે અને એ પણ ખુલ્લું છે કે સહન કર્યા વગર સંપ પણ દુર્લભ છે. માટે ફાવે તેટલી મહેનતના ભોગે પણ અમારા મહાન મુનિરાજો સંઘમાં સંપ કરાવશે. કોઈ કંઇ સાથે લેઇને આવ્યું નથી તેમ સાથે લેઇ જવાનું નથી. બાંધી મુઠીએ આવી ઉઘાડી મુઠીએ જવાનું છે. ફક્ત પુણ્ય, પાપ, માન, અપમાન એજ સાથે લેઇ જવાનું છે. [illegible] આ જન્મ [illegible] સાર્થકતા કરશે અને સ્વપરનું આત્મકલ્યાણ થાય તેવા ઉપાયો

યોજશે જેથી કલેશ ટંટાઆદિ અગ્નિનો તણખો શાંતિજલથી બુઝાઇ જશે અને સર્વે એક્યતામાં જોડાશે. મોટાએ મોટાઇ મારવાની નથી પણ છોટા થવું જોઇએ કારણ કે—

લઘુતા સેં પ્રભુતા વધે,
પ્રભુતા સેં પ્રભુ દૂર;
કીડી ચુંન ચુંન ખાઇઓ,
ગજ શીર ડાલે ધૂળ.

માટે હમેશાં છોટાઇથીજ મોટાઇ મળે છે. કંઈ મોટા ભા કહેવડાવાથી કે તેમ કરવાના પ્રપંચો રચવાથી મોટાઇ કદી મળતી નથી, શાંતતા, નમ્રતા, અને લઘુતાથીજ પ્રભુતા પ્રાપ્ત થાય છે માટે દરેક જૈન બંધુઓને તેમજ મુનિરાજોને વિજ્ઞપ્તિ કે એક બીજાની સાથે અરસપરસ સંપસંપીને રહેવું અને જૈનશાસનનો વિજય કરવો એજ આપણું અંતિમ સાધ્યબિંદુ રાખવું.

ૐ શાંતિ શાંતિ.

નવિન વર્ષનો દિવ્ય સંદેશો.

(પાદરા કર.)

અરૂણે ડોકીઉં કીધું,
ચીરી નભ પંથ સુનેરી;
કહો સંદેશડો મીઠો,
મધુરા આ નવા વર્ષે !
જીવનના રમ્ય ઉદ્યાને,
અમિનાં બિંદુડાં ઢરજો;
ઉષા આશા ભરી રેલો,
અમારો દિવ્ય સંદશો !
હૃદય વિણા અમોલિને,
સુદેવિ " **શારદા** " કેરી
સુકોમળ અંગુલી રેલો,
મધુરા દિવ્ય આલાપો !
તમારી બંસરી માંહે,
હમેશાં જામજો દેવિ;
" **શ્રીદેવિ** "નાં મીઠાં ગાનો,
સુધા વર્ષાવતાં તમપર !
તમારા " **આત્મ** "ને ઉન્નત,
લહરિઓ " **જ્ઞાન** "ની કરજો.
પ્રતિતી તત્વની હોજો.
"**પ્રગતા શાસ્ત્ર**" ની શ્રદ્ધા.

પડે સંકષ્ટની શ્રેણિ,
સુખોના ડુંગરા આવે;
ધરો સમભાવ અંતરમાં,
પ્રભુનો માર્ગ સાચો એ.
સદા " **સત્ જ્ઞાન** " ધરનારા;
કુશળ જે " **मुक्ति मारग** " ના;
તમારા " **आत्म** " ને ઉજ્વળ,
કરે એવા " **गुरु** " મળજો !
વિવાદો હોંશભર હોજો,
સદા " **अध्यात्म विद्याना** "
ત્રિપુટી " **हेय ज्ञेय** આદિ, "
સદાએ ધારજો સમજી !
વરો લક્ષ્મિ અને વિદ્યા,
વિજયની માળ વહોરીલ્યો;
નિતીને ધર્મના યોદ્ધા.
મુબારક હો ! મુબારક હો !
" **मधुरा आ नवा वर्षे**
लहो आत्मीक सौ सुखडां,
પ્રભુના પંથમાં વહેજો,
अमारो दिव्य संदशो. "

પાદરા. શરદ્ પુર્ણિમા ॐ **शांतिः शांतिः**

सारुं ते आपणुं.

(લી. મધુકર)

મહેનત અને વિચાર.

મહેનતના પ્રતાપથીજ માણસના વિચારો મજબૂત અને અનુકરણીય બને છે.

* * * *

શાને માટે વાંચવું. !

કોઈની વિરૂદ્ધ બોલવા માટે કે કોઈને ખોટા પાડવા માટે ન વાંચો, તેમજ એકાદ વાત માની લેવા માટે અથવા ભરૂસો મુકવા માટે ન વાંચો પણ બરોબર તોલ કરવા અને વિચાર કરવા માટે વાંચો.

* * * *

ગંભીરતા.

જ્યારે નમ્રતા અને દયાભાવ એ મનની ગંભીરતા છે ત્યારે મીતાહારપણું અને સ્વચ્છતા તનની ગંભીરતા છે.

મોટો અવગુણ—નીંદા.

નિંદા કરનારાઓથી તો સદા દૂરજ રહેજો. તે મોટામાં મોટો અવગુણ છે; કોઇને સારી સલાહ આપવાનો વખત આવે તો તેવી તક કદી ચુકતા નહી, પણ જરૂર તે ઉપર અમલ કરી સીધો માર્ગ બતાવજો.

ભલું કરો.

જો તમારી એક અડચણથી બીજાનું ભલું થતું હોયતો તે અડચણ ખુસીથી ખમજો. અને આત્મભોગ આપતાં શીખજો, અર્થાત્ બીજાના સુખ માટે તમારી ફરજ બજાવવા તત્પર રહેજો.

માણસનો અમુલ્ય ખોરાક?

બોલવું સારૂં તો છે પણ તેના કરતાં ચુપકીદી-ખાસ કરીને ગુસ્સો આપે તે વેળા-શોનેરી અને માનભરી છે, કારણ ગમ ખાવી એ અણચીંતવ્યા દુઃખને દૂર કરવાનો સરળ ઉપાય છે, અર્થાત્ એક ભલા માણસનો ખોરાક ગુસ્સો છે. અનુભવીઓ કહે છે કે, બહુ બોલવાથી પરતાવો થાય છે જ્યારે ચુપકીદી અખત્યાર કર્યાથી સલામતી સચવાય છે.

બીજાના દુર્ગુણો ન જોવા.

જે દુર્ગુણો આપણે બીજામાં જોઇએ છીએ તેજ દુર્ગુણો આપણા પોતામાં રહીને આપણી તરફ જોઇ હસે છે.

વિપત્તિ વખતે હીંમત.

કોઇપણ આવતી આપત્તી-વિપત્તિ કે આફત વખતે આગમચથી ધાસ્તી રાખી તમારા હૈયડાને હીચકારૂં બનાવતા નહીં પણ હમેશ તેમાં ઉમેદ રાખશો કે જે હીંમતથી તમો આવતી આફત સામે મજબુતીથી લડી શકશો.

समरादित्य नारास उपरथी.

(લેખક. મુનિમાણેક. કલકત્તા.)

(અનુસંધાન ગતાંક સાતમાના પાને થી.)

કર્મનો સંબંધ.

કદી નાશીને કોઇ જાશે વનોમાં
રહે પહાડમાં એહ ગુણી જનોમાં
વળી ગુંથશે ચિતમાં જો ઉપાયો
તો એ ભોગવે લેખ કર્મે લખાયો!

લગ્ન એ ગૃહસ્થોને પવિત્ર કાર્ય છે, કારણ કે જે કન્યા અત્યાર સુધી માબાપને આશ્રય હતી તે હવે ઉમરલાયક થવાથી તથા પતિ પ્રત્યે સતિના ધર્મ કેવા છે તથા પતિમાં પ્રેમદાને સંભાળવા માટે કેવા ગુણો જોઇએ તથા સંસારમાં જોડાતાં કેટલાં કષ્ટ સહન કરવાં પડશે તથા પતિનાં માતાપિતા ભાઇભોજાઇ નણંદમિત્રો સાથે કેમ વર્ત્તવું તે સમજવાની શક્તિ આવ્યા પછી કન્યાને યોગ્યવર [illegible]

ધર્માં સલાહ લેઇ તેની સાથે તેનું લગ્ન કરે છે. માબાપો પણ વિલક્ષણ તથા દુનિયાના એલ જોયેલા હોવાથી તે બાળિકાની જીંદગી ભવિષ્યમાં કેમ સુધરે તથા તે સાસરે જઇ પોતાની આબરૂ કેમ વધારે તથા પોતાની બાલિકાને સંભાળવાની શક્તિ તેના પતિમાં તથા તેમના ઉપર યોગ્ય પ્રીતિ તથા દાબ રાખવાની શક્તિ હોય તેવા લાજ મર્યાદાવાળા સુખી કુટુંબમાંજ પોતાની કન્યા પરણાવે છે તેથી તે કન્યાનું લગ્ન થયા પછી સાસરે સારી રીતે રહી શકે છે તથા પરણનાર પતિ પોતાની તે કન્યા પ્રત્યે કેવી ફરજ છે તે પણ સારીરીતે સમજે માટે લગ્ન વખતે મોટી ધામધુમ કરવામાં આવે છે. રાજાને ગાદીએ બેસાડવામાં જેવી ક્રીયા કેટલાક દિવસ પહેલાં કરવામાં આવે છે તેવી સારા મુહુર્તથી તે લગનના દિવસ સુધી તેને ઘેરઘેર ઘોડે બેસાડી પધરામણી કરાવી ભેટણું આપી બહુમાન કરે છે તથા લગનના દિવસે વિધિપૂર્વક અભિષેક (સ્નાન) કરી સારા વસ્ત્રાલંકારે શણગારી હજારો માણસો પાછળ રહી તેને મોખરે ઘોડા ઉપર બેસાડી પરણવા લઇ જાય છે જેના મોઢા આગળ મધુર સ્વરે વાજાં વાગે છે, માથા ઉપર છત્ર ધરાય છે, ચામર વિંજાય છે. ભાટો બિરૂદાવળી બોલે છે અને પુરૂષ વર્ગના પછવાડે સ્ત્રીઓ ધવળમંગળનાં ગીતો ગાય છે. લગ્ન વખતે કન્યાને પણ તેજ પ્રમાણે સ્નાન કરાવી વસ્ત્રાલંકારે શણગારી તૈયાર રાખે છે. વર આવતાં સાસુ પોંખીને ઘરમાં પધરાવે છે. ચોરીમાં તથાં દેવી આગળ જે ક્રિયા કરવાની હોય તે કરીને પછી યથાશક્તિ કન્યાનો બાપ જમાઇને તથા દીકરીને દાન આપે છે તથા વરનો બાપ પુત્ર વધૂ ને દાન આપે છે. પછી કન્યાને પતિના ઘેરે કન્યાનાં માબાપ પતિ સાથે શીખામણ આપી મોકલાવે છે તથા તેજ શહેરમાં લગ્ન થયું હોય તો ત્યાંસુધી વેવળાવી પાછાં આવે છે. આ ક્રિયા એક નાટકના તમાસા જેવી નથી પણ પ્રતિજ્ઞાપૂર્વક વચનથી. પતિ તે કન્યાને પાળવા માટે તથા સારા રસ્તે ચડાવવા માટે બંધાયલો છે તેવીજ રીતે કન્યાએ પોતાની સઘળી બાળ ચેષ્ટા ત્યાગી પતિની તથા સાસુ સસરાની આજ્ઞા પાળી પોતાની આબરૂ વધારવાની છે—આ લગ્નક્રિયા અહીં આ કાળમાં ઋષભદેવના સમયથી શરૂ થઇ છે તે પહેલાં યુગલિક ધર્મ ચાલતો અને ઇંદ્ર ઇંદ્રાણી દેવાંગના એ તેમાં ભાગ લીધો હતો અને રૂષભદેવથી આ જૈનધર્મ શરૂ થએલો હોવાથી જૈન લગનવિધિ પ્રથમ શરૂ થએલી સંભવે છે તો જૈનોએ લગ્નવિધિ કર્યાં પછી પોતે કોઇ પણ જગ્યાએ દુરાચાર સેવે તો પોતાના ધર્મનુંજ અપમાન કરેલું ગણાય તેથી ઉત્તમ જૈનો સ્વપ્ને પણ પરદારા કે વેશ્યા કે કુંવારી કે વિધવાનો સંગ વાંછતા નથી પણ પોતાની પરણેલી પ્રેમદામાંજ રસગૃદ્ધિવિના પર્વતિથિ ત્યાગી તે સંસાર સેવે છે તો આ લોકમાં આબરૂ મેળવે છે અને પરલોકમાં સદ્ગતિ મેળવે છે. તેવી રીતે દરેક સ્થળે લગ્ન વિધિ પૂર્વથીજ પ્રમાણિક પુરૂષોથી શરૂ થએલી હોવાથી તે પ્રમાણે તેમના અનુયાયિઓ ચાલી મર્યાદામાં રહે છે. તેમ પૂર્ણચંદ્ર રાજાએ પણ ગુણસેનકુમારને યોગ્ય ઉમરે આવેલો જોઇ તેને યોગ્ય કન્યાશોધી મોટા ઉત્સવથી પરણાવેલો હતો અને પોતાની પરણેલી પ્રેમદાને તે સંતોષ આપતો જોઈ તેનામાં પત્ની માફક પ્રજાને પણ પાળવાની યોગ્યતા આવી છે તેમ જોઇ પોતાની અંત અવસ્થામાં રાજા ધર્મ આરાધન કરવાને તૈયાર થઇ પોતે રાજ્યભાર તથા પ્રજાને સંભાળવાનો સર્વ અધિકાર પુત્રને સોંપ્યો જેથી ગુણસેનકુમાર હવે ગુણસેન મહારાજ તરીકે લોકોમાં ઓળખાવા લાગ્યો હતો.